
કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૬ ● ફેબ્રુઆરી ૨૦૧૬



આપણા વિવિધ મંદિરોમાં
શાકોત્સવ કરતા
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧















૧. તાજેતરમાં પ.પૂ.મોટા મહારાજશ્રીએ પાકિસ્તાનની કચ્છ બોર્ડરની મુલાકાત લીધી હતી.દરેક વિષમ પરિસ્થિતિમાં વેરાન પ્રદેશ એવી કચ્છ સરહદે આપણા સૌના રક્ષણ માટે કપરી ફરજ બજાવતા જવાનોને પૂ.બાપજીએ ખબર અંતર પૂછ્યા હતા. સાથે આપણા ભૂજ મંદિરના સંતો પણ જોડાયા હતા. સંતો અને સૈનિકો બન્ને સંસારથી અલિપ્ત રહી ફરજ બજાવતા હોઈ બન્ને વચ્ચે સામ્ય જોવા મળતું હતું.પૂ.મોટા મહારાજશ્રીએ દરેક સૈનિકને આપણા મંદિરનો પ્રસાદ આપ્યો હતો. ૨. કાશ્મીરના પૂરપિડિતો અમદાવાદ આવી નિઃસહાય સ્થિતિમાં કાલુપુર સ્ટેશન પાસે વસતા હતા. પ.પૂ.આચાર્ય મહારાજશ્રીને તેની જાણ થતા તેમને આપણા મંદિર તરફથી જીવન જરૂરિયાતની તમામ વસ્તુ પહોંચાડી માનવ ધર્મ નિભાવી સૌને શીખ આપી હતી. ૩.નારણપુરા મંદિર આયોજીત શાકોત્સવ પ્રસંગે ઠાકોરજીની સમૂહ આરતી ઉતારતા પૂ. મહારાજશ્રી અને સંતો. ૪. શિકાગો મંદિરમાં ધાર્મિક શિબિરનો પ્રારંભ કરતા સંત હરિભક્તો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૧૦૬

ફેબ્રુઆરી-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**
**Mo. : 9099098969**


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ગૌમાતા કી જય | ૦૭ |
| ૦૪. | અવિરતપણે વિચરણ કરતા ચરણ | ૦૯ |
| ૦૫. | પ.પૂ. મોટા મહારાજશ્રીની કચ્છ સરહદે મુલાકાત | ૧૨ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૬ |
| ૦૯. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૫ |




**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણને આલોક ને પરલોકમાં સુખી થવાના ઉપાયો શિક્ષાપત્રી જેવી નાનકડી પુસ્તિકાના ૨૧૨ શ્લોકોના માધ્યમથી સમજાવ્યા છે. વસંત પંચમીના દિને આ અલૌકિક શિક્ષાપત્રી આપણા સર્વોપરી સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં લખીને આપણને આપી છે. શ્લોક ૨૧૦ માં તો સ્પષ્ટ જણાવ્યું છે કે જે જન દૈવી સંપદાએ યુક્ત હોય તેને આ શિક્ષાપત્રી આપવી પણ જે આસુરી જન હોય તેને તો ક્યારેય ન આપવી. આ નાનકડી શિક્ષાપત્રીની એક એક આજ્ઞા-એક એક શ્લોકનું જે જન પાલન કરે છે તેને આ લોક અને પરલોકમાં મહાસુખ - અક્ષરધામનું છેલ્લામાં છેલ્લું અવિચળ અલૌકિક સુખ પ્રાપ્ત થાય છે. આપણા કેટલા અહોભાગ્ય છે કે આ સત્સંગમાં આપણને જન્મ મળ્યો અને આવા સર્વોપરી ભગવાન, સર્વોપરી ધર્મવંશી આચાર્ય મહારાજ આપણને ઓળખાયા. આપ એટલું નિશ્ચે સમજજો કે આપણું કલ્યાણ થઈ ચૂક્યું છે. તેમાં શંકાને સ્થાન નથી. વિશેષતો આપ સૌ આ વસંત પંચમીના રોજથી શ્રીમદ્ શિક્ષાપત્રીનું નિત્યે વિશેષને વિશેષ વાચન-પાલન કરી જીવમાં ઉતારશો. જેને વાંચતા ન આવડતું હોય તે તેની પૂજા કરજો. આ શિક્ષાપત્રીને જ્યાં ત્યાં ન મૂકતા. સ્નાન કર્યા વગર તેનો સ્પર્શ ન કરતા. આ શિક્ષાપત્રીએ સ્વયં શ્રીહરિનું વાંગ્મય સ્વરૂપ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ





# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૧૬)

| | |
|---|---|
| ૧-૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર હેરો લંડન રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨૩) ભગવતકૃપા પર્વ પ્રસંગે પધરામણી. |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર બળોલ (ભાલ-મૂળીદેશ) દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૮-૯ | ભુજ (કચ્છ) પધરામણી. |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૧૧. | શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર (ઈડર દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૩થી ૨૯ | **વિદેશ ધર્મપ્રવાસ** શ્રી સ્વામિનારાયણ મંદિર લંડન વિલ્સડનલેન પારાયણ પ્રસંગે પધરામણી ત્યાંથી અમેરિકા બોસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી ત્યાંથી ચેરીહીલ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી ટોરોન્ટો કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ધૂળકોટ (મૂળી દેશ) શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા (જી. સાબરકાંઠા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

# પંચમ વાર્ષિકોત્સવ

## આમંત્રણમ્

સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૧૪૯૨ પ્રસાદીની દિવ્ય અલૌકિક વસ્તુઓનાં દર્શન સ્થળ ''શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નારણપુરા, અમદાવાદનાં પાંચ વર્ષ પૂર્ણ થતાં પંચમ વાર્ષિક પાટોત્સવ મહોત્સવ આગામી ફાગણ સુદ - ૩ તા. ૧૧-૩-૨૦૧૬ને શુક્રવાર (શ્રી નરનારાયણદેવ પાટોત્સવ)ના શુભ મંગળ દિવસે રાખવામાં આવેલ છે. તેમાં દર્શન પૂજનનો લાભ લેવા પધારવા સર્વે ત્યાગી - ગૃહિ બાઈ-ભાઈ સહુને અમારા નિમંત્રણ છે.

પ.પૂ.મોટા મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ.ભાવિ આચાર્ય ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

કાર્યક્રમ

સમૂહ મહાપૂજા
સમય બપોરે ૨-૦૦ થી ૪-૦૦
સ્થળ: શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

સત્સંગ સભા તથા દાતાઓનું સન્માન અને આશીર્વચન
સમય સાંજે ૪-૩૦ થી ૬-૩૦
ભોજન પ્રસાદ : સાંજે ૬-૩૦
સ્થળ : ગોપી પાર્ટી પ્લોટ,
ઓંગણજ ચાર રસ્તા, રીંગરોડ, અમદાવાદ

# ગૌમાતા કી જય



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના આઠમાં સ્કંધમાં છઠ્ઠા મન્વતરમાં ક્ષીર સાગરમાં મંદરાચળ પર્વતથી દેવો-દાનવોએ સાથે મળીને સમુદ્ર મંથન કર્યું તેમાંથી ચૌદ રત્નો નિકળ્યાં તેની કથા ભગવાન શ્રી વેદવ્યાસજીએ લખી છે. તે ચૌદ રત્નોમાં સર્વ પ્રથમ કામધેનુની સાથે સાથે પાંચ ગાય ઉત્પન્ન થઈ. નંદા, સુભદ્રા, સુરભિ, સુશીલા, તથા બહુલા તેને લોકમાતા કહેવાય છે. દેવો-દાનવોના સંયુક્ત પરિશ્રમના સાહસના ભાગમાં ગૌમાતા ઋષિયોને આપવામાં આવી.

ગૌમાતાને પૃથ્વી સ્વરૂપે પુરાણામાં વર્ણન કરવામાં આવેલ છે. તેમાં પૃથ્વી ગૌમાતામાં પિંડ બ્રહ્માંડનો નિવાસ છે. સાથે સાથે ભક્તિ તત્વનું પ્રતિક ગણાય છે. ગૌમાતામાં બધા દેવગણ પ્રતિષ્ઠિત છે. છ અંગ સહિત વેદોનો વાસ છે. શિંગના એક મૂળમાં બ્રહ્માજી બીજામાં વિષ્ણુ નારાયણનો વાસ છે. શિંગના અગ્રભાગમાં પૃથ્વીના તમામ તીર્થો રહ્યા છે. શિંગના મધ્ય ભાગમાં ગિરજાપતિ ભોળાનાથ મહાદેવજી બિરાજમાન છે. ગૌમાતાના લલાટમાં જગતજનની દેવી ગૌરી, નાકમાં કાર્તિકેય, અગ્રભાગમાં શેષ નારાયણ, કાનોમાં અશ્વનીકુમારો, નેત્રોમાં સૂર્ય અને ચંદ્રદેવ, દાંતોમાં અષ્ટવસુઓ, જીભમાં વરુણદેવ અને સરસ્વતી, મંડસ્થળમાં યમદેવ અને યક્ષરાજ, હોઠોમાં સંધ્યા, ગ્રીવામાં ઈન્દ્ર, ચરણોમાં ધર્મ સ્વયં, ખરીમાં ગંધર્વ, પુષ્ઠભાગમાં અગીયાર અરૂદેવ, સંધિયોમાં વરુણ, કેશમાં સૂર્ય, કપાળમાં માનવ, ગૌમૂત્રમાં ગંગા યમુના વિગેરે વિગેરે અંગોઅંગમાં દેવોના સ્થાનકો આવેલા છે. સંક્ષેપમાં ગૌમાતાના શરીરમાં ૩૩ કોટી દેવોના સ્થાન આવેલાં છે. ગૌપૂજનથી બધા જ દેવોની પૂજા કરવાનું પુણ્ય ફળ પ્રાપ્ત થાય. સમુદ્ર મંથનમાંથી પ્રગટ થયેલી કામધેનુ ગાયની રક્ષા કરવાની જવાબદારી (પ્રતિજ્ઞા) સંતો ઋષિયો એ લીધી હતી. ગૌમાતાના મુખ્યતઃ છ અંગો ગણવામાં આવ્યા-ગૌમય, ગોરોચન, પૂત્ર, દૂધ, દહીં, ઘી, એ અત્યંત પવિત્ર અને શુધ્ધિના સાધન છે. ગોમય (છાણ)માંથી બીલીવૃક્ષ ઉત્પન્ન થયું તેમાં લક્ષ્મીજીનો વાસ છે. ગોમયથી કમળ થયુ, ગૌમૂત્રથી ગૂગળ બન્યું. બધા દેવોનો દૂધ આહાર છે. જગતની બધીજ વનસ્પતિઓના બીજ દૂધમાંથી ઉત્પન્ન થયાં છે એટલે દૂધ તમામ ઔષધીઓનું તત્વ છે. દહીં માંગલિક પદારથ ઔષધી છે. ઘી જગતનું અમૃત છે. અમૃત તત્વમાંથી ઘી ઉત્પન્ન થયું છે. જે તમામ દેવોની તૃપ્તિનું સાધન છે.

ઋષિ મુનિયો ગૌપાલનું રક્ષણ પૂજન કરતા. ભગવાન શ્રીકૃષ્ણ ગાયો ચરાવવા જતા ત્યારે ગોપાલ નામ કરણ થયું. ગોવર્ધન પર્વત ધારણ કર્યો એટલે ગોકસંવર્ધન. ગાયોનું પાલન કરવું એજ ગોવર્ધનનો અર્થ છે. એટલે ગોવર્ધન પર્વત ધારણ કરવા જેવું કઠણ કામ છે. આપણા ખેતીપ્રધાન દેશના ગામડાઓમાં પ્રત્યેક ખેડૂતના ઘેર ગૌમાતાનું પાલન કરવામાં આવે છે. પણ છેલ્લા કેટલાક વર્ષથી ગાયોની જવાબદારીઓમાંથી મુક્ત થવા પરિવાર શહેરોમાં રહેવાનું પસંદ કરવા લાગ્યા છે. પરંતુ આપણું ભવિષ્ય જયાં ગાયો હોય ત્યાં જ છે. ગમે ત્યારે

શહેરોમાંથી પાછા ગામડાઓમાં રહેવાનો સમય આગળ આવશે. આપણા દેશના માનનીય રાષ્ટ્રપતિ શ્રી પ્રણવમુર્ખજીએ દિલ્હી રાષ્ટ્રપતિ ભવનમાં ગૌશાળા બનાવી છે. જે દેશ માટે ગૌરવ અને અનુકરણ કરવા જેવું છે.

આપણા ઋષિયો આશ્રમ કે ધર્મસ્થાનમાં જંગલ પર્વતમાં હમેશાં રહીને સેવા અને આરાધના કરતા. જ્યારે સાધુ સંતોએ પ્રજાની સાથે નગરોમાં રહેવા ધર્મસ્થાન કે આશ્રમોની શરૂઆત કરી ત્યારે તેમાં ગૌશાળા, પાઠશાળા, ધર્મશાળા, ભોજનશાળા (સદાવ્રત) અને વ્યાયામશાળા (યોગશાળા). આ પાંચ ધર્મ સ્થાનના મુખ્ય અંગ છે. પાંચ શાળા જ્યાં હોય તેને ધર્મસ્થાન તરીકે ગણવામાં આવે અને ત્યાં જ ત્યાગી-સંન્યાસી સાધુ સંતો ઋષિમુનિયોને રહેવાની છુટ આપવામાં આવી. ગૌશાળાથી ગૌમાતાનું સંવર્ધન થાય, પાઠશાળાથી સદ્વિધા બ્રહ્મવિદ્યા સંસ્કૃત વિદ્યાનું પરંપરાગત શિક્ષણ આપવામાં આવે, જેમાં કોઈપણ પ્રકારનો ચાર્જ વેપાર ન હોય તેને પાઠશાળા કહેવાય. ધર્મશાળા એટલે ભેદભાવ વિના આશરો આપવો. ભોજનશાળા અતિથિ યાત્રીઓને મફત ભોજન આપવું. વ્યાયમશાળા જ્યાં યોગ જેવી શારીરિક વ્યાયામની સુવિધા તથા શિક્ષણ આપવામાં આવતું હોય તેવા સ્થાનકોને ધર્મસ્થાન પદ મળેલું છે.

આજે પણ આપણા અનેક મંદિરોમાં ગૌશાળાઓ સચવાઈ રહી છે. જેતલપુરમાં સંસ્કૃત પાઠશાળા આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ શરૂ કરેલ જેમાં અદ્યાપિ પર્યન્ત સંસ્કૃત શિક્ષણ મફત આપવામાં આવે છે. આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાન મેમનગરમાં પણ સુંદર ગૌશાળા છે.

ગૌદાન ઉત્તમ સર્વશ્રેષ્ઠ પરિપૂર્ણદાન છે. જ્યારે જ્યારે જન્મ આદિ મંગલ પ્રસંગે આદિકાળમાં ગાયોના દાન દેવામાં આવતા અને લગ્નમાં ગાયોના દાનના ગીતો ગવાતા.

ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજ પ્રગટ થયા ત્યારે ધર્મદેવ દાદાએ એક લાખ ગાયોના દાન કર્યા હતા. નંદજીએ પણ કોટી ગાયોનું દાન કર્યું હતું. રાજા મહારાજઓ પાસે કોઈ અતિથિ આવે તો ગાયનું દાન કરતા. અત્યારે દાન લેવા વાળાઓએ દાનની પરિભાષાને પોતાની રુચિ અને સ્વાર્થી બનાવી દીધી છે. પણ ગૌદાનથી સર્વશ્રેષ્ઠ કોઈ દાન નથી એવું આપણા હિંદુ ધર્મના વેદ-પુરાણો શાસ્ત્રો ઉપનિષદોનો મત છે.

દિવંગત આત્માના કલ્યાણને અર્થે વૈતરણી પાર કરવા ગૌ પૂજન કરે છે. જે આત્માની ઉત્તર ક્રિયામાં ગૌપૂજન થયું હોય તેની મુક્તિ અવશ્ય થાય છે.

ગઢડામાં દાદા ખાચરના દરબારમાં ગાયોની સારસંભાર સ્વયં શ્રીહરિ કરતા. રસ્તે જતાં ગાયોનું ટોળુ મળે તો તેને જોઈ ઉભા રહેતા અને દ્રષ્ટિથી ગાયોને દર્શન આપતા અને ગાયોની વૃત્તિઓને પોતાના સ્વરૂપ તરફ આકર્ષણ કરતા.

ઘરથી બહાર નીકળતી વખતે ગૌમાતાના શુકન થાય તો જાણજો ફતેહના ડંકા વાગી ગયા.

શ્રીમદ્ ભાગવતમાં મનુના પુત્ર ઉત્તાનપાદ રાજાની પત્ની સુરુચિ અને સુનિતિ હતી. સુરુચિ એ સુનિતિના પુત્ર ધ્રુવને ઈર્ષ્યા રાગ દ્વેષથી વારંવાર દેહ દંડ આપી મારવાના પ્રયાસો કર્યા પણ ધ્રુવનું મૃત્યુ ના થયું. ત્યારે સુરુચિએ સુનિતિને તેનું કારણ પૂછ્યું. જવાબમાં સુનિતિએ કહ્યું કે હું દર વર્ષે કારતક સુદ બારસની ગોવત્સ બારસનું વ્રત કરીને વત્સસહિત ગૌમાતાનું પૂજન કરું છું તેથી મને અને મારા સંતાનને મૃત્યુ સ્પર્શ કરે જ નહિ. એટલે આજે પણ ધ્રુવજી ધ્રુવપદમાં માતા પિતા-સહિત દેવલોકમાં અવિચળ રહ્યા છે.

પૃથ્વી પર જ્યારે જ્યારે અધર્મની વૃધ્ધિ થાય ત્યારે તેનો ભાર સહન ન થવાથી પૃથ્વી ગાયના સ્વરૂપે ભગવાનના શરણે જાય છે. એવી પુરાણમાં કથાઓ છે. એટલે ગૌમાતાને ભગવદ્ ધામ સુધી જવા આવવાની શક્તિ છે. તથા પૃથ્વી દેવી સ્વયં માં ગૌ-માતાના સ્વરૂપે રહી છે. સર્વ માનવને પુણ્ય ફળ આપવા ગૌમાતાનો માનવ સૃષ્ટિ પર મોટો ઉપકાર સહિત ઋણ છે. તો દરેક વ્યક્તિએ પોતાનું કર્તવ્ય જાણીને ગૌમાતાનું પાલન પોષણ કરવું અથવા કરાવવું.

પૂર્વજોનું તર્પણ કરવું હોય તો ગાયનું પૂજન કરી પૂંછડે જળ ચડાવવું.

અનુસંધાન પેજ નં. ૧૧ પર

# અવિરતપણે વિચરણ કરતા ચરણ

- હજૂરી વનરાજ ભગત (શ્રી સ્વામિનારાયણ બાગ, અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે અમદાવાદ શ્રીનરનારાયણદેવ દેશ અને વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવ દેશ એમ બે પીઠસ્થાનોની સ્થાપના કરી, પોતાના દત્તપુત્રોને, પોતાના સ્થાને તેની ઉપર સત્સંગીઓના ગુરુપદે સ્થાપ્યા. અમદાવાદ શ્રીનરનારાયણદેવ દેશના આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને ધર્મધુરા સોંપી. આ ગાદી ઉપર આજે શ્રીહરિના સાતમાં વંશજ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી બિરાજમાન છે.

લાલજી સ્વરૂપની બાળ અવસ્થાથી ગાદીસ્થ આચાર્યશ્રી થયા પછી પણ આજ દિન સુધી જેમના ચરણો સત્સંગમાં અવરિતપણે વિચરણ કરે છે, જેમના કરકમળો હંમેશા પરોપકારાર્થે કાર્યરત હોય છે, મનમાં શ્રીહરિનું અખંડ સ્મરણ હોય છે, મસ્તિષ્ક હંમેશા શ્રીનરનારાયણદેવના ચરણોમાં નમેલું હોય છે, બંને હસ્તકમળોથી સંત-હરિભક્તોને વંદન કરતા, ઉતાવળી ચાલે ચાલતા, મુખકમળ ઉપર હંમેશા હાસ્ય રેલાવતા, નેત્રોમાંથી અખંડ અમીદૃષ્ટિ વર્ષાવતા, મુખકમળમાંથી હંમેશા મંગલમય વાણી ઉચ્ચારતા એવા ધર્મકુળ મુગટમણિ, આચાર્ય શિરોમણી પ્રગલ્લભ વિધતવર્ય પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજીના દર્શન માત્ર આ જીવને પવિત્રતા અને શાતા બક્ષે છે.

સત્સંગમાં અંદાજે ૬૦ શિખરબંધ અને લગભગ ૮૦૦ હરિમંદિરોનો વહીવટ તેમની રાહબરી હેઠળ થાય છે. આ તમામ સંસ્થાઓનું વહીવટી કાર્ય કાયદા-કાનૂનોની મર્યાદામાં રહીને સુપેરે સરળતાથી કરવું એ ખૂબ જ વિચક્ષણતા માગે એવું ભગીરથ કાર્ય છે. સાથે સાથે નાના મોટા તમામ સંત હરિભક્તોને રાજી રાખવા તેમના સૌના સર્વે પ્રસંગોમાં હાજર રહેવા માટે **time management** સમયનું આયોજન કરવું સૌથી વધુ દુષ્કર છે. આજે તો વિદેશોમાં પણ સત્સંગ ખૂબ મોટા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર પામ્યો છે. લગભગ ત્રીસ શિખરબંધ મંદિરો તેઓશ્રીના નેજા હેઠળ વિદેશોમાં સંસ્કાર સિંચનની ધર્મધ્વજા ફરકાવી રહ્યા છે. પ.પૂ. મોટા મહારાજશ્રીનો રજત-સુવર્ણ જયંતી મહોત્સવ તેઓશ્રીની રાહબરી હેઠળ ઊજવાયો ત્યારથી તેઓશ્રીની વહીવટી કાર્યદક્ષતા સત્સંગ સમાજે જાણી-પિછાણી છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. તેથી સંપ્રદાય સમસ્ત ખૂબજ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

આપણા આ સામાયિકમાં નિયમિત પ્રસિદ્ધ થતી દરેક મહિનાની તેઓશ્રીની વિચરણ અંગેની માહિતી વાંચતા આપણને પ્રતિતી થશે કે આ મહાપુરુષ સત્સંગ સમુદાયને અર્થે, વિનમ્રપણે કેટલો દાખડો કરે છે. ભૂખ-તરસ-થાક-ઊંઘ શારીરિક મુશ્કેલીઓને અવગણીને હરિભક્તોને ઘેર પધરામણીઓ, ધાર્મિક સભાઓમાં હાજરી, પાટોત્સવાદિ મહોત્સવોના પ્રસંગોએ સ્વહસ્તે દેવપૂજા કરવી, માંદા સંત-હરિભક્તોને દર્શન દેવા ટાણે-કટાણે દૂર સુદૂર વિચરણ, યુવા શિબિરોનું આયોજન અને વ્યવસ્થા, મંદિર હસ્તક ચાલતી શાળા-કોલેજોની દેખરેખ, દેવ દર્શનાર્થે અનેક પદયાત્રાઓ-આ બધું શ્રીહરિના પ્રત્યક્ષ આશીર્વાદ અને બળ વગર શક્ય બને જ નહિ. દેહધારીને દેહના ધર્મ પ્રમાણે વર્તવું પડે છે. પોતાના સંતાનોને પણ સત્સંગ સમાજના ચરણે ધરી દેતા આ અતિ વિનમ્ર મહાત્મા હંમેશા મૂક સેવાનો જ આગ્રહ રાખે છે. તેઓશ્રીનું આચરણ એ જ ઉત્તમ ઉપદેશ છે. તેઓશ્રી હંમેશા કહે છે કે, સાચા ભક્તજને કદી ફરિયાદ ન કરવી પણ શક્ય એટલા પ્રાપ્ય સાધનોથી સાચું અને સારું કાર્ય કરી લેવું અને તેનાથી જ શ્રી નરનારાયણદેવ રાજી થાય છે.

જ્યારે કોઈ સંત-હરિભક્ત તેમને પોતાનું દુઃખ કે મુશ્કેલી રજૂ કરે ત્યારે તે ધીરજતાથી સાંભળીને, ગદ્‌ગદ્‌ કંઠે તેઓશ્રી જણાવે છે કે, અમે શ્રી નરનારાયણદેવને જરૂરથી પ્રાર્થના કરીશું ભગવાન જરૂર સારું કરશે. પોતે તો ભગવાનના પુત્ર છે, ભૌતિક અને આધ્યાત્મિક રીતે

દુઃખ દૂર કરવા સક્ષમ છે તેમ છતાં પણ તેઓ ક્યારેય એમ નથી કહેતા કે 'અમે દુઃખ દૂર કરીશું.' અતિશય મિતભાષી અને સ્પષ્ટ વક્તાની ધીર ગંભીર વાણી જ આપણા માનસપટ ઉપર ગહેરી અસર ઉપજાવે છે. આપણને હંમેશા તેમની છત્રછાયા હેઠળ રક્ષણનો પૂરો અહેસાસ થાય છે.

અત્યાધુનિક મ્યુઝિયમની ગોઠવણી-બાંધકામની બાબત હોય કે નારણપુરામાં આવેલી ટર્ફ જેવી નામાંકિત સ્કૂલ રચના હોય, રજત-સુવર્ણ જયંતી મહોત્સવનું આયોજન હોય કે પછી વિદેશમાં તૈયાર થતું કોઈ મોટું શિખરબંધ મંદિર હોય આ બધા પ્રસંગોએ મોડી રાત્રે બાર એક વાગ્યા સુધી ત્યાં હાજર રહી બીજે દિવસે વહેલી સવારથી જ ભરચક કાર્યક્રમોમાં નિત્યક્રમ મુજબ હાજરી આપવાની હોય. તેમ છતાં પણ સત્સંગ સમાજ પાસેથી કોઈ માંગણીની અપેક્ષા નહિ ! તેઓશ્રી કહે છે કે હું તો હંમેશા સર્વે કોઈની પ્રેમ-લાગણીની જ માગણી કરું છું. સંત હરિભક્તોને રાજી રાખવા એ અમારી ફરજ છે અને તેથી જ અમારી ઉપર નરનારાયણદેવ રાજી રહે છે. આવી નિરાડંબરતા અને નિર્માનીતાવાળા આ વિધ્વતવર્યના દર્શનમાત્રથી જ આ જીવનું કલ્યાણ થાય છે.

એક વખત એક પ્રેમી હરિભક્તે આ આચાર્યશ્રીના ચરણ પ્રક્ષાલન કરીને પ્રેમથી કહ્યું કે મહારાજશ્રી ! તમારા ચરણારવિંદની છાપ મને આ કાગળમાં પાડી આપો. હું તે મારી પૂજામાં રાખીશ. આચાર્યશ્રીએ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પોતાનો ચરણ પાછો ખેંચીને સ્પષ્ટપણે ગંભીર સાદે જણાવ્યું કે, ભગત ! તમારી ઉપાસના બહુ જ કાચી છે. શ્રીહરિના ચરણારવિંદ સિવાય બીજા કોઈનાય ચરણારવિંદ કે ફોટા પૂજામાં ન જ રખાય. તમારા જેવા હરિભક્તો તો અમારા ચરણારવિંદ ખેંચીને અમને પણ ધર્મના માર્ગેથી પાડશે ! આ સાંભળીને તે હરિભક્તને તરત જ પોતાની ભૂલ સમજાઈ અને તેમણે ખૂબ જ દીનભાવે મહારાજશ્રીની માફી માગીને તેમને રાજી કર્યા. શ્રીજીના વચનોની સામે હંમેશા જેમની મનોવૃત્તિ છે તેવા આ આચાર્યશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે સિંહાસનમાં નરનારાયણદેવ અને ભગવાન સિવાય અન્ય કોઈના પણ ફોટા કે ચીજવસ્તુઓ કોઈપણ સંજોગોમાં રાખવા નહિ. શ્રીહરિ સિવાય ક્યાંય માથું નમાવવાની કુટેવ પાડવી નહિ. નરનારાયણદેવનો આશરો અતિદઢપણે કરીને રાખવો.

તેઓશ્રીએ પોતાના કુટુંબમાંથી હજુ તો ફૂલ જેવા લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પણ સત્સંગ સેવામાં જોડી દીધા. તેઓ આ કુમળી વયે પણ, પિતાના પગલે ચાલી ધર્મની અનેક પ્રવૃત્તિઓ સ્વતંત્રપણે સંભાળે છે. આચાર્યપત્ની પ.પૂ.શ્રી ગાદીવાળાં મહારાજશ્રી પણ આજના યુગમાં ઉચ્ચ શૈક્ષણિક પદવી ધરાવતાં હોવા છતાં પણ, સંપ્રદાયની મર્યાદામાં જ રહીને, મહિલામાત્રના ગુરુ તરીકેની સર્વે જવાબદારીઓનું વહન કરે છે તે તો તેમના તપ-ત્યાગ અને સહિષ્ણુતાની પરાકાષ્ઠા છે. સમર્થ હોવા છતાં સામર્થ્ય ઢાંકીને સામાન્ય માનવીની જેમ ફરજો અદા કરવામાં તેમનો જોટો જડે તેમ નથી. સત્સંગની મહિલાઓનું ગ્રુપ બનાવી એરિયા પ્રમાણે મહિલા સભાઓ જેમણે શરૂ કરાવી, પ્રબોધિની એકાદશી જેવા પવિત્ર દિવસોએ આખી રાત્રી જેમણે જાગરણ શરૂ કરાવ્યું, હરિદ્વારમાં જેમ ગંગામૈયાની સંધ્યા આરતી થાય છે તેમ છપૈયામાં નારાયણ સરોવરની સંધ્યા આરતી જેમણે શરૂ કરાવી, સાંખ્યયોગી બાઈઓની વ્યાસપીઠ ઉપર વરણી કરીને તેમની પાસે મહિલાઓની સભામાં જેમણે કથા-પારાયણો શરૂ કરાવી વગેરે અનેક નવતર ધાર્મિક કાર્યક્રમોમાં અગ્રેસર થઈને, પોતે પણ તે પ્રમાણે વર્તીને ઉપદેશનું સંક્રમણ કરનાર આ પતિતપાવની જગતજનની મહિલા ધર્મગુરુને પણ અનેકાનેક વંદન ઘટે છે.

અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરની હવેલીમાં રહેતાં સાંખ્યયોગી બાઈઓ, કથા પ્રસંગે, સભા પ્રસંગે જ્યારે બહાર જવાનું થાય ત્યારે રીક્ષામાં જતા હતા. પ.પૂ. ગાદીવાળા મહારાજશ્રીએ જ્યારે આ જોયું અને જાણ્યું ત્યારે કહ્યું કે, જે બહેનોએ ધર્મ માટે સાંખ્યયોગીની દીક્ષા લીધી છે તેના રક્ષણની જવાબદારી અમારી છે. રીક્ષામાં જવાથી ધર્મ સચવાય નહિ તેથી તેઓશ્રીએ સાંખ્યયોગી બાઈઓ માટે, એક જુદી સ્પેશિયલ ગાડીની વ્યવસ્થા મંદિર તરફથી કરી આપી. ધર્મ પાળવાનો તેઓશ્રીનો આ ખટકો જોઈ, સર્વેને ખૂબ બળ મળ્યું.

ઉપદેશ આપવાની તેમની રીત પણ અનોખી છે.

પ.પૂ.ધ.ધુ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જ્યારે શ્રીજી સ્વરૂપના ચિહ્નસમી લાલ પાઘને ધારણ કરીને બિરાજમાન હોય અને ત્યાં જો ક્યારેક તેઓશ્રીના પિતાશ્રી અને સંપ્રદાયના નિવૃત્ત આચાર્યશ્રી પ.પૂ. મોટા મહારાજશ્રી ઉપસ્થિત થાય ત્યારે, આચાર્ય મહારાજશ્રી તેમના ચરણોમાં વંદન કરે ત્યારે મોટા મહારાજશ્રી પણ સામે એક પુત્ર તરીકે નહીં પરંતુ સંપ્રદાયના આચાર્ય તરીકે વંદન કરી પ્રત્યુત્તર આપે છે. આવી ઉત્તમ સમજણ આ સંપ્રદાય સિવાય બીજે ક્યાંય જોવા મળે તેમ નથી.

ધર્મકુળના હજુરી સેવક તરીકેની મને મોટી સેવા મળી છે તેથી તેઓશ્રીની સાથે આખો વખત રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તેથી હરિભક્તોને અર્થે કિંચિતમાત્રનો મેં અહીં ઉલ્લેખ કર્યો છે. શિ.શ્લો. ૨૬ માં શ્રીહરિ જણાવે છે કે કૃતધ્નીના સંગનો ત્યાગ કરવો. તેથી આપણે એટલો વિવેક તો જરૂર રાખવો કે જ્યારે ગુરુ પોતાના શિષ્યને અર્થે આટલો અવિરતપણે દાખડો કરતા હોય ત્યારે એક સદ્‌ગુણી શિષ્ય તરીકે ગુરુ દક્ષિણામાં આપણે તેઓશ્રીના સ્વસ્થ દીર્ઘાયુષ માટે શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીને યથાશક્તિ વિશેષ નિયમો રાખવા. શિ. શ્લો. ૭૫ મુજબ જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. આપણે કોઈએ આપણા માટે કરેલા દાખડા સામું જોવું અને તેનો યોગ્ય પ્રતિભાવ આપવો પણ કૃતધ્ની થવું નહિ. તેઓશ્રી તો શિ.શ્લો. ૩૭ માં જણાવ્યા પ્રમાણે **स्वश्लाधा स्वमुखेन च** એ પ્રમાણે ક્યારેય સીધી કે આડકતરી રીતે તેમના આ પુરુષાર્થની વાતો આપણને જણાવતા નથી. આ લેખ વાંચીને અનેક સંત હરિભક્તો આ વિગતો જાણી વાંચીને ખૂબ રાજી થશે એવી મને આશા છે.

અનુસંધાન પેજ નં. ૮ પરનું

રસ્તામાં જતાં આવતાં દેવાલય આવે ત્યારે પ્રણામ કરવાની શ્રીહરિની શિક્ષાપત્રીમાં આજ્ઞા છે તો ગૌમાતા સામે મળે ત્યારે પણ વંદન કરવું. ભગવાન રામના દાદા રઘુરાજાએ ગાયને વંદન ન કર્યું તો સંતાન પ્રાપ્તિ માટે ગુરુએ સાત વર્ષ ગાય ચરાવવાનું પ્રાયશ્ચિત આપ્યું. ધનતેરશના ધનપૂજનમાં પૂર્વેના સમયમાં ગૌમાતાનું પૂજન કરવામાં આવતું હતું.

યજ્ઞના હવનમાં ગાયના છાણાનો ઉપયોગ કરવામાં આવે છે અને યજ્ઞની ભૂમિને પવિત્ર કરવા છાણથી લીંપવામાં આવે છે.

જ્યારે કોઈ વ્યક્તિનો અંતકાળ નજીક આવ્યો હોય ત્યારે તેને ગૌમાતાના છાણથી લીંપેલી પૃથ્વી પર સૂવાડવામાં આવે છે. કારણ કે તેમાં લક્ષ્મીજીનો નિવાસ છે.

પહેલાના સમયના ઘરોમાં તળીયે ગાયના છાણનું લીંપણ હતું તેથી આટલી બધી દવાઓ ખાવાની જરૂરિયાત ન હોતી.

ગાયોને આપણે સુકું ઘાસ ખવડાવીએ છીએ તો પણ વળતરમાં ૩૩ કરોડ તત્વોથી સભર દૂધ આપે છે. ગાયના દૂધને આયુર્વેદ શાસ્ત્રે પૂર્ણ આહાર તરીકે સ્વીકાર્યું છે. એટલે આપણા ઋષિઓએ ગાયને ''મા'' નું બિરુદ આપ્યું છે. ગૌમાતા તરીકે પ્રસિદ્ધ થઈને પૂજાય છે.

**શ્રી સ્વામિનારાયણ માસિકના કામ અંગે નીચેના ફોન ઉપર સંપર્ક કરવો**
**મોબાઈલ નં. : ૯૦૯૯૦૯૮૯૬૯**
**સમય : સવારે ૮-૦૦ થી ૫-૦૦**
**(આ મોબાઈલ સિવાય અન્ય ફોન-મોબાઈલ કરવા નહીં.)**

**ફરાળી લોટ**
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર ધર્મશાળા ઓફિસમાં
ફરાળી લોટ મળે છે.

# પ.પૂ. મોટા મહારાજશ્રીની કચ્છ સરહદે મુલાકાત

- પ્રફુલ ખરસાણી (અમદાવાદ)

આજે સમાજમાં નૈતિક મૂલ્યોને નેવે મૂકી જીવનારા અનેક લોકોને આપણે ટી.વી.માં જોઈએ છીએ અને છાપામાં વાંચીએ છીએ પરંતુ એ બધા વચ્ચે પોતાનું કામ નિષ્ઠાથી કરતા હોય તેવા આપણી સરહદના રક્ષકો, આપણા સૈનિકોને જોઈ રાહતની લાગણી અનુભવતા હોઈએ તેવો અહેસાસ થાય છે.

તાજેતરમાં આપણા પ.પૂ.મોટા મહારાજશ્રી પાકિસ્તાનની કચ્છ સરહદે પધાર્યા હતા. આપણા ભુજ મંદિર દ્વારા આખું આયોજન ગોઠવવમાં આવ્યું હતું.

સરહદ પર ટાઢ-તડકો કે ભૂખ - તરસ જોયા વગર આપણા સૌની રક્ષા માટે કપરી ફરજ બજાવતા જવાનો ને શ્રીજી મહારાજના અપર સ્વરૂપ એવા પ.પૂ.મોટા મહારાજશ્રી સ્વયં દર્શન આપવા પધાર્યા હતા. બાપજી કચ્છની સરહદ પર સૌ પ્રથમ વાર પધાર્યા હતા પરંતુ રાજસ્થાનની સરહદ અને વાઘા બોર્ડર પર અગાઉ પધાર્યા હતા. તેથી આપણા સૈનિકોની શિસ્ત અને ચૂસ્તતાથી તો વાકેફ જ હતા પરંતુ આપણી દરેક સરહદ આંબોહવા અને બીજા પરિબળો દ્વારા સાવ એક બીજાથી ભિન્ન છે.

ભુજ- અમદાવાદથી ૩૦-૩૫ સંતો અને અમદાવાદ-ભુજના સત્સંગીઓ મળી ૧૧ ગાડીઓના કાફલામાં સૌ ભુજથી પૂ.બાપજીની રાહબરી હેઠળ સરહદ પર જવા વહેલી સવારે રવાના થયા.

ચારેકોર અફાટ રણ..... પશુ પક્ષી પણ ગણ્યાં ગાંઠ્યા જોવા મળતા ત્યાં માણસની તો કલ્પના જ કરવી રહે, તેવા વેરાન વિસ્તારમાં ઈન્ડિયા બ્રિજની પહેલા એક નાનકડું હનુમાનજીનું જર્જરિત મંદિર આવ્યું. બાપજી સહિત અમે સૌ ત્યાં રોકાયા, બાપજીએ એ પ્રભાવશાળી હનુમાનદાદાની આરતી ઉતારી.બહાર લગાવેલ અગણિત ઘંટથી અમે સૌએ ઘંટનાદ કર્યો. ત્યાં ઉપસ્થિત અધિકારી દ્વારા અમને તે હનુમાનજીની લોકવાયકા સાંભળવા મળી. ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાનના યુધ્ધ બાદ આપણા સૈનિકોએ વેરાન કરેલા પાકિસ્તાનના વિસ્તારમાંથી પરત ફરતા હતા ત્યાં અચાનક પાછળથી આપણા જવાનોને એક અવાજ સંભળાયો......''મને પણ સાથે લેતા જાવ.....'' આમ તો સૈનિકો પાછું વાળી જોતા નથી હોતા પણ સૈનિકોએ પાછું વળી જોતા કોઈ નજરે ન ચઢ્યું. વળી થોડા અગળ ગયા ત્યાં ફરી ધ્વનિ સંભળાયો.... ''મને પણ સાથે લેતા જાવ.....'' આ વખતે સૈનિકોએ નોંધ્યું કે ત્યાં, પાછળ વિરાન સિવાય કશું જ નથી પણ આ એક માત્ર હનુમાનજીની મૂર્તિ જ દ્રશ્યમાન થાય છે તેથી સૌ ભેગા મળી આ મૂર્તિને આપણી ભારતની સરહદમાં લાવ્યા અને હાલ જ્યાં બિરાજીત છે ત્યાં રાખી. પછી મંદિરની વ્યવસ્થા થતા અહીંથી હનુમાનદાદાને લેવા પ્રયત્ન કરાયો પણ હનુમાનજી ત્યાંથી તસું પણ હલ્યા નહીં. આખરે અહીં મંદિર બનાવરાવ્યું. હાલમાં આપણા દેશની બધી સરહદોના દરેક સૈનિક નાત-જાતના ભેદ રાખ્યા વગર આ હનુમાનજીની બાધા રાખે છે. અને તે પૂરી થતા દેશના કોઈ પણ ખૂણે ફરજ બજાવતા તે સૈનિક અહીં આવી ઘંટ અર્પણ કરી બાધા પૂરી કરે છે. ડીજીટલ ઈન્ડીયાની વાતો વચ્ચે આ હકીકત સ્વીકારવી પડે તેવી છે.

ત્યાંથી ઈન્ડિયા બ્રીજ પર થઈ સૌ કચ્છની પાકિસ્તાન સરહદે પહોંચ્યા. બન્ને બાજુ સરખી જમીન હતી ! સરખું આકાશ હતું ! સરખી હવા હતી ! માત્ર વચ્ચે તારની વાડ હતી.... ત્યાંના વિરાનામાં સૈનિકો અને આપણા સંતોની તુલના આપોઆપ થઈ આવી.....બન્ને સંસારથી અલિપ્ત...છતાં સંસારી....બાપજીએ દરેકને મગસ ના બોક્ષ પ્રસાદરૂપે આપ્યા. સૌ સૈનિકોની આંખોમાં તેમના સ્વજનને મળતા હોય તેવી લાગણી અનુભવાઈ. ત્યાં હાજર સૌના નેત્રનાં ખૂણે ભિનાશ આવી ગઈ.....

ત્યાંથી અમે સૌ કાળા ડુંગર પર આવ્યા. ત્યાં ભુજ મંદિર દ્વારા ભોજનની વ્યવસ્થા કરાઈ હતી. તે પછી સૌ સફેદ રણ - ધોરડો ગયાં. સામાન્ય રીતે ત્યાં જવાનું મહાત્મય સાંજનું પણ અમે ભર બપોરે ગયા... ત્યારે આપણા સંતો અને દેશના સૈનિકો વચ્ચેની પાતળી ભેદ રેખા અલિપ્ત થઈ.....

જય હિન્દ - જય ભારત....

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જાન્યુઆરી - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ -અમદાવાદ |
| રૂા. ૫૫૦૦/- | ઝવેરભાઈ ઠુમ્મર - બાપુનગર |
| રૂા. ૫૦૦૦/- | ગોસલિયા પરિવાર - ગઢડા |
| રૂા. ૫૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫૦૦૦/- | વિઠ્ઠલભાઈ હિરાભાઈ પટેલ - જમીયતપુરા હ.શારદાબેન, ભાવેશભાઈ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જાન્યુઆરી - ૨૦૧૬

| | |
|---|---|
| તા.૦૩-૦૧-૧૬ | આકાશ પી. ચોક્સી, બાયરન |
| તા.૦૬-૦૧-૧૬ | પુષ્કાબેન પ્રમોદરાય દવે પરિવાર, બોસ્ટન - હ.સલીલભાઈ દવે |
| તા.૧૨-૦૧-૧૬ | અતુલભાઈ રવજીભાઈ વરસાણી, મેલબોર્ન ઓસ્ટ્રેલિયા હ.નાના પી.પી.સ્વામી મહંત ગાંધીનગર, સેક્ટર-૨ |
| તા.૧૫-૦૧-૧૬ | હિરાબા સોમદાસ પટેલ, યુ.એસ.એ. - હ. સાં.યોગી મંજુબા તથા ભારતીબા |
| તા.૧૬-૦૧-૧૬ | (સવારે) અ.નિ. નવનીતલાલ ત્રિકમલાલ વંડરા, નવરંગપુરા - હ. ઉર્મિલાબેન (૧૧.૦૦ વાગે) સંદિપભાઈ પ્રમોદભાઈ ભટ્ટ, બોસ્ટન |
| તા.૧૭-૦૧-૧૬ | દિલીપભાઈ પરમાનંદ ત્રિવેદી, યુ.એસ.એ. - દિગેશ સુધાકરભાઈ ત્રિવેદી, યુ.એસ.એ. |
| તા.૨૧-૦૧-૧૬ | કાચા ટેલર્સ - હ. મુળજીભાઈ, લેસ્ટર |
| તા.૨૨-૦૧-૧૬ | ભાવિન મનજી હિરાણી, યુ.એસ.એ. - ધનબાઈ હિરજી ભુડીયા, ફોટડી-હા.લંડન - પ્રેમજી કરશન પિંડોરીયા, હા.લંડન - અમૃતબેન મનજી ભુડીયા, હા.લંડન |
| તા.૨૪-૦૧-૧૬ | જીતુભાઈ કનૈયાલાલ ભાવસાર, બોસ્ટન |
| તા.૨૫-૦૧-૧૬ | જનકકુમાર ગોકળદાસ પટેલ, લવારપુર - હ. નિતા જનકકુમાર પટેલ |
| તા.૨૬-૦૧-૧૬ | નવિનકુમાર ઘનશ્યામભાઈ પટેલ, યુ.એસ.એ. - હ.પ્રહલાદભાઈ પટેલ,કરજીસણવાળા |
| તા.૨૮-૦૧-૧૬ | ચેતનાબેન સંજય સવજી પિંડોરીયા (સુરજપુર) યુ.કે. |
| તા.૩૦-૦૧-૧૬ | હરિ રોનકભાઈ, લોસ એન્જલસ (એલ.એ) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાચાં મા-બાપ કોણ ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बंधुश्री सखा त्वमेव
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव

આ શ્લોક તો આપણને દરેક સત્સંગીને મુખાગ્ર હોયજ કારણ કે સાયં પ્રાર્થનામાં આપણા બધા જ મંદિરોમાં સંતો-ભક્તો આ શ્લોકનું પઠન કરે છે.

આ શ્લોકનો અર્થ છે કે આપણા માતા-પિતા, ભાઈ, મિત્ર, વિદ્યા, ધન આ સર્વ કોઈ એક જ હોય તો તે ભગવાન છે. આ વાત સો ટકા સાચી છે એ આ પ્રસંગ વાંચવાથી સમજાશે.

વાત છે વેરવાળ ગામની. ગામમાં રહેનાર માણસોના સ્વભાવ જુઓ તો ગામનું નામ એકદમ યોગ્ય જ લાગે. મૂર્ખાઈ ભરેલાં કાર્યો કે અપરાધોના મૂળમાં ઉધ્ધતાઈ અને અવિવેક જ હોય છે. તેમાં પણ અવિવેક તો બધા દુઃખોનું કારણ છે. આ ગામમાં આવા અવિવેકી લોકો ઘણા હતા.

એકવાર પરમમુક્ત સંતદાસજી સ્વામી કે જેના દર્શન કરનારનો મનખો સુધરી જાય. આવા સંત બદ્રિકાશ્રમ, માનસરોવરની યાત્રા કરીને ગુજરાત તરફ પરત આવતા હતા. ત્યાં સાંજના સમયે રસ્તામાં આ ગામ આવ્યું. સાંજનો સમય, અંધારુ થવા લાગ્યું હતું. ત્યારે થોડા ઉધ્ધતોનું ટોળું ગામની ભાગોળે બેસી જેની તેની નિંદામાં ને પંચાતમાં સમય પસાર કરતું હતું.

આ અવિવેકી, નવરા અને ઉધ્ધત ટોળાની નજીકથી સંતદાસજી સ્વામી પસાર થયા અને આ ટોળાએ સ્વામીને ચોર માની લીધા. અવિવેકીને કોઈ વિચાર જ ન હોય. એ લોકોએ એટલો વિચાર પણ ન કર્યો કે ચોર ગઠીયો હોય તો એની પાસે હથિયાર તો હોય અને આ સ્વામી તો ખાલી હાથે ચાલ્યા આવે છે. પણ આવો વિચાર આવા અવિવેકી પાસે ક્યાંથી હોય !! સ્વામીને પકડ્યા ને મારવા લાગ્યા છતાં સ્વામી કશું જ બોલે નહી. તેથી આવા ઉધ્ધત ટોળામાં વધુ તાકાત આવી. કહેવા લાગ્યા કાંઈ બોલતો નથી. બહુ અઠંગ ચોર લાગે છે. કોઈ દોરડું લઈ આવ્યા ને સ્વામીને બાંધીને ધૂળનો ને પથરાનો વરસાદ સ્વામી પર વરાસવવા લાગ્યા.

સંતદાસજીતો એવા સમર્થ સંત હતા કે જો કરડી દ્રષ્ટિથી આ ટોળા સામું જુએ તો બધાની કાયાના કોચલાં વાળી નાંખે છતાં પણ ક્ષમા રાખીને બેસી રહ્યા. આ અવિવેકી ઉધ્ધતોની ઉધ્ધતાઈ વધવા જ માંડી. ટોળામાંથી કોઈ બોલવા લાગ્યા. બહુ અઠંગ ચોર લાગે છે. તેને બાંધી જ રાખો. તો વળી કોઈ કહે, બાંધી શું કામ રાખવો ! હાથ-પગ કાપી નાંખો ને મુકી દો છૂટો. ત્યાંતો વળી ત્રીજો કહે, મારી જ નાંખોને એટલે કામ જ પતી જાય, શું ખોટી ચિંતા ! આ હિસકારો જોવા આખું ગામ ભાગોળે ભેગું થયેલું. "તમાસાને તેડું ન હોય" જ્યારે કથા-વાર્તા માટે ભેગા કરવા હોય તો કેટલી જાહોરતો કરવી પડે! પણ આતો જેવું ગામનું નામ તેવા જ ગામના લોકો, કોઈને પણ વિચાર સુધ્ધાં ન આવ્યો.

ત્યાં તો કોઈ પાપી તલવાર લઈને તૈયાર થયો. ટોળું બધું મારો.... મારો.... હીસકારો કરતું તૈયાર થયું. આટલું બધું છતાં સ્વામી તો નિર્ભય થકા પરમાત્માનું સતત સ્મરણ કરતા બેસી જ રહેલા. જ્યાં પ્રહાર કરવાની તૈયારી થઈ ત્યાં તો આ દ્રશ્ય સ્વામિનારાયણ ભગવાનથી સહન ન થયું. સામે પાંચ દસ જણનું ટોળું દોડતું આવ્યું. તેમાં એક સ્ત્રી, એક પુરુષ પ્રૌઢાવસ્થામાં તથા બીજા પાંચ-સાત યુવાનો ત્યાં દોડી આવ્યા. અને જેવા આવ્યા કે તરત જ હાક મારી. ખબડદાર ! કેમ અમારા પુત્રને તમે બાંધ્યો છે ? આ તમારો બાપ ક્યાં ચોર છે ? ચોર તો તમે છો પાપીઓ. અને આ વિકરાળ રૂપ જોઈ આ ઉધ્ધતોના મોતીયાં મરી ગયા.

સંતદાસજીના બંધન છોડ્યા અને માતા-પિતા બનીને આવેલા સ્વામિનારાયણ ભગવાન સંતદાસજીને સાથે લઈ ચાલતા થઈ ગયા. ઉધ્ધતોનું ટોળું અવાચક્ નજરે આ જોતું જ રહી ગયું. બધાના મોઢા પર તાવડીના તળીયા જેવી કાળાશ આવી ગઈ.

સજ્જનો ! આ પાંચ દસ વ્યક્તિ બીજું કોઈ નહી પણ સ્વામિનારાયણ ભગવાન પોતે જ એટલા રૂપે ત્યાં પધાર્યા હતા. સંતદાસજીના માતા-પિતા તથા સંબંધી બનીને મહારાજે તેમની રક્ષા કરી. થોડા આગળ ચાલીને બધા સ્વરૂપો અદ્રશ્ય કરી દીધા. સ્વામી તો પ્રભુની આ લીલાને આનંદપૂર્વક સ્વીકારી જાણે કાંઈ જ ન બનયું હોય તેમ ચાલતા થયા.

આ વાત નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીના પરચા-પ્રકરણમાં નોંધી છે. આ વાત પરથી એટલું જરૂર યાદ રાખવું કે જો ભગવાનનો દ્રઢ અને અનન્ય આશરો હશે, શ્રધ્ધા હશે તો ભગવાન ગમે તેવી આપત્તિમાં પણ આપણી ચોક્કસ રક્ષા કરશે. કારણ કે ભગવાન જ આપણાં સાચા મા-બાપ છે.

●

## સુખનું મૂળ સદાચાર

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માનવજીવનને સુવ્યવસ્થિત બનાવવા માટે શિક્ષાપત્રીએ કોઈ ખૂણો બાકી રાખ્યો નથી. પરસ્પર દયા અન પ્રેમ વધે એટલે માટે શિક્ષાપત્રીમાં સદાચાર વિશેની વાતો શ્રીહરિએ સમજાવી છે. સારો આચાર એટલે સદ્આચાર (સદાચાર). શિક્ષાપત્રીમાં સદાચાર વાત સમજાવીને શ્રીહરિએ આખાય સમાજ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. એક માતા પોતાના દીકરાને આમ કરવું, આમ ન કરવું વગેરે બાબતો વાત્સલ્ય સાથે સમજાવે તેમ શિક્ષાપત્રી માતાની જેમ ભક્તજનોને સદાચારથી જીવવાનો અતિ ઉત્તમ માર્ગ બતાવે છે.

સદાચારમાં આહાર શુધ્ધિ પણ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. આજકાલ સમાજમાં માનવી અનેકવિધ રોગોનો ભોગ બની રહ્યો છે. તેનું કારણ છે ‘‘આહાર શુધ્ધિનો અભાવ.’’ આજે જ્યાં ને ત્યાં રસ્તામાં, સ્ટેશનો ઉપર, હોટલમાં, દુકાનોમાં અને લારીઓમાં નાસ્તા-પાણી કરવા લોકોની લાઈનો લાગે છે. ગમે ત્યાં રસ્તા વચ્ચે પણ ખાતા આજનો માનવી ખચકાતો નથી. કેવળ અને કેવળ જીભના સ્વાદને વશ થઈને માણસ આવો ખોરાક ખાતો હોય છે. આવા ખોરાકના સેવનથી માણસ અનેક અગમ્ય રોગોમાં સબડાતો જાય છે.

આવા વખતે માણસને કોણ રોકે ? આપણે એટલા ભાગ્યશાળી છીએ કે જેમ માતા બાળકનું ધ્યાન રાખે તેમ શિક્ષાપત્રી માતા તરીકે આ બાબત ઉપર લાલબત્તી ધરે છે, આહાર શુધ્ધિ. જો શુધ્ધ આહાર લેવામાં આવે તેવા વ્યક્તિનું મન શુધ્ધ બને છે. આવા શુદ્ધ મનમાં, પવિત્ર મનમાં સારા વિચારો બને છે. આવા શુધ્ધ મનમાં, પવિત્ર મનમાં સારા વિચારો સ્થિર થાય છે. જ્યાં ત્યાં બજારમાં વેચાતો ખોરાક સદ્ભાવ સાથે તૈયાર થયેલો હોતો નથી પરંતુ કમાણીના ઉદ્દેશ સાથે તૈયાર થયો હોય છે. એવા ખોરાકનું સેવન કરનાર રાજસ અને તામસ પ્રકૃતિનો વશ થઈ જીવનને બરબાદ કરે છે. ખોરાક બનાવનાર ખોરાક તૈયાર કરતી વખતે કેવા વિચારો કરે છે તેની અસર એ ખોરાક જમનારના મન ઉપર પણ થાય છે. એટલે જ કહેવાય છે કે ‘‘જેવું અન્ન એવું મન.’’

શિક્ષાપત્રીમાં સૂચવેલી આહારશુધ્ધિની બાબતને જે મનુષ્ય યથાર્થ પાળે તો સદ્વિચાર સાથે પવિત્ર અને નિરોગી જીવન જીવી શકે.

જેમ આહારશુધ્ધિ એ સદાચારનો ભાગ છે તેમ સ્વચ્છતાનું પાલન એ પણ સદાચારનો જ ભાગ છે. આજે ચારેબાજુ સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરવામાં આવે છે પરંતુ શ્રીહરિએ આજથી પોણાબસો વર્ષ પહેલા સ્વચ્છતા જળવાય તેવી આજ્ઞાઓને શિક્ષાપત્રીમાં આલેખી છે. જ્યાં ત્યાં મળમૂત્ર ન કરવા, જ્યાં ત્યાં થૂંકવું નહી વગેરે જેવી આજ્ઞાઓ સ્વચ્છતા જાળવવામાં બહુ અગત્યનો ભાગ ભજવે છે.

જો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવશે કે પશુઓ જેટલી ગંદકી નથી કરતાં તેથી અનેકગણી વધુ ગંદકી મનુષ્ય કરે છે. માણસો દ્વારા ફેલાવાયેલી ગંદકીને ખસેડવા મહાનગરની સુધરાઈઓને કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. શહેરોમાં મોટી મોટી

અનુસંધાન પેજ નં. ૨૩ પર

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) કારતક વદ એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**

**"પ્રશસ્ત રાગથી સંસારમાં વૈરાગ્ય આવે છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે સંસારથી ''વૈરાગ્ય'' રાખવાનો ને પરમાત્મા પ્રત્યે ''અનુરાગ'' રાખવાનો. પરંતુ સંસારથી ''વૈરાગ્ય'' પણ ન હોય અને પરમાત્મા પ્રત્યે અનુરાગ'' પણ ન હોય તો શું કરવું ? તો સંસારથી ''વૈરાગ્ય'' એટલે રાગરહિત થવું. રાગ પણ બે પ્રકારના છે. એક રાગ એટલે ''મનનો લગાવ'' કોઈ પણ વસ્તુમાં કે વ્યક્તિમાં પણ રાગ હોઈ શકે. રાગ દ્વેષ જડ ને ચેતન બંનેમાં હોઈ શકે. શ્રીકૃષ્ણ ભગવાનનું વેરભાવથી ચિંતવન કરવાવાળા હતા. અને ગોપીઓ હતી તે શ્રીકૃષ્ણ ભગવાનને પ્રેમ કરતી હતી. તો શ્રીકૃષ્ણ ભગવાનનું અખંડ ચિંતવન કરતી હતી. કોઈ વ્યક્તિ આપણને પરેશાન કરતી હોય, પરસ્પર ઈર્ષા કરતી હોય તેનું પણ ચિંતવન થાય છે. આપણે કોઈનું ખરાબ કર્યું હોય તો બીકના લીધે પણ ચિંતવન થાય છે. જે વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે જે રાગ-દ્વેષ, ઈર્ષા, બીકને લીધે જે ચિંતવન થાય છે તે ન થાય તેના માટે સંપૂર્ણ કામનાથી રહિત થવું પડે તો વૈરાગ્ય આવે. સંપૂર્ણ કામનાથી રહિત ત્યારે જ થવાય જ્યારે વ્યક્તિ સંપૂર્ણ સમભાવમાં હોય એટલે (ન્યુટ્રલ હોય, સંપૂર્ણ રાગ-દ્વેષથી રહિત હોય) આવું શક્ય નથી. દ્વેષથી રહિત તો કદાચ થઈ જવાય કે મહારાજની આજ્ઞા છે. કોઈના દોષ ન જોવાય, કોઈને દુઃખ ન અપાય. ઈર્ષા ન કરાય. ઘરના પરિવારના લોકો પ્રત્યે રાગ કાયમ રહે છે તેના અનુસંધાનમાં એક દ્રષ્ટાંત છે.

એક વ્યક્તિનો છોકરા મૃત્યુ પામે છે. તેથી તે મહાત્મા પાસે જાય છે. અને રડવા લાગે છે કે મારો છોકરો મરી ગયો. તો મહાત્મા તેને સમજાવે છે કે જન્મવું-મરવું તે તો પ્રકૃતિનો નિયમ છે. એમ સમજાવીને માણસને શાંત કરે છે. થોડા દિવસ પછી તે માણસ મહાત્મા જ્યાં રહેતા હતા ત્યાંથી પસાર થાય છે. તો મહાત્મા ઝૂંપડી પાસે બેસીને રડતા હતા. તો તે માણસ મહાત્માને રડવાનું કારણ પૂછે છે. તો મહાત્મા બતાવે છે કે મારી બકરી મરી ગઈ ! ને માણસે કીધું કે થોડા દિવસ પહેલા તમે મને કીધું હતું કે છોકરો મરી ગયો એમાં શું રડવાનું. તો તમે તમારી બકરી મરી ગઈ તો શું રડો શો ? તો મહાત્માએ કીધું કે છોકરો તો તારો હતો એટલે મેં કીધું હતું પણ બકરી તો મારી હતી ને ? તો કહેવાનો અર્થ છે કે આસક્તિ નહિ રાખવી. તેમ કહેવું સહેલું છે. પરંતુ વાસ્તવિકતામાં અનુભવમાં આવે ત્યારે દુઃખ તો થાય જ છે. ઘર પરિવાર બધું શરીરથી છોડી દેવાથી કામનાથી રહિત થઈ જવાય તેવું પણ નથી. બધું મુકીને વનમાં જઈને શાંતિથી માળા કરવા બેસીએ તો પણ મનમાં વિચારો તો ચાલું જ રહેશે. સાચું કર્મ મનથી થાય છે. આપણે સાંભળ્યું છે કે મોટા ઋષિમુનિઓ વનમાં તપ કરવા જતા તો ત્યાં પણ માયાથી મુક્ત રહી શક્યા નથી. કહેવાનો અર્થ છે કે માયા એટલી બધી બળવાન છે કે મોહને છોડાવવા માટે મનને પરાણે સમજાવવું પડે છે. કોઈપણ વ્યક્તિ વ્યસનને લઈને જન્મતી નથી. જન્મયા પછી કુસંગને કારણે વ્યસન લાગી જાય છે. આપણે બે ત્રણ વખત તે વ્યક્તિને કહીએ કે વ્યસન અતિ ખરાબ છે. તે વ્યક્તિને પણ બધી ખબર હોય છે. છતાં પણ વર્ષો જુની ટેવ પડી ગઈ હોય તો છોડવાનો પ્રયત્ન કરે છે તો પણ છૂટતું નથી. પછી જ્યારે શરીર પર આવી જાય છે ત્યારે એમ થાય છે કે મૃત્યુ થઈ જાય તો ભલે થઈ જાય તો પણ છૂટતું નથી. તેના માટે ખૂબ અભ્યાસ કરવો પડે છે. ઘરમાં નાનું બાળક હોય તો સ્કૂલે મુકવામાં આવે તો પ્રથમ પરાણે મોકલવુ પડે છે. લાલચ આપવી પડે છે. પછી તેના પાછળ

વર્ષો સુધી મહેનત કરવી પડે છે. ત્યારે પોતાના જીવનમાં ભણેલા-ગણેલા થઈ સેટ થઈ શકે છે. પોતાના પર નિર્ભર બની શકે છે. તો જેમ નાના બાળકને ઘણા વર્ષો સુધી અભ્યાસ કરવો પડે છે તેમ આપણને પણ અનેક જન્મોથી સંસાર પ્રત્યેનું આકર્ષણ એટલું પ્રગાઢ થઈ ગયું છે કે તે કેવી રીતે છૂટે ? તો તેને છોડવા માટે પણ અભ્યાસ કરવો પડે છે.

સંસારના મૂળિયા એટલા ઊંડા ઉતરી ગયા છે કે આપણે ભગવાન સંબંધી કાર્ય કરવા બેસીએ પૂજા, નિત્ય-નિયમ કે માનસી પૂજા કરવા બેસીએ ત્યારે ફટાફટ કરીએ છીએ કે પુરુ કરવાનું છે. અને જમવા બેસીએ તો સ્વાદ લઈને આસક્ત થઈને જમીએ છીએ. બધું કરવાનું છે. પરંતુ મહારાજે શાસ્ત્રમાં બતાવ્યું છે તે પ્રમાણે કરવાનું છે.

મહારાજે આ જગતની રચના કરી છે તે આપણને દુઃખ પહોંચાડવા માટે નથી કરી. પરંતુ વ્યક્તિ પોતે જાતે દટાઈને મરી જાય છે. ચારે બાજુ એટલું બધું સંસારનું સુખ જોઈને આકર્ષાઈ અધોગતિ તરફ ધકેલાઈ જાય છે. તો સંસારની આસક્તિ છોડવાનો બીજો રાગ એટલે 'પ્રશસ્ત રાગ' નિયમિત ભજન, સત્સંગ અને અભ્યાસ કરવાથી પરમાત્મા સાથે ધર્મવંશી આચાર્યશ્રી સાથે સંતો સાથે જે હેત થાય છે જે રાગ ઉત્પન્ન થાય છે તેને **'પ્રશસ્ત રાગ'** કહેવાય છે. તેનાથી સંસાર પ્રત્યેની આસક્તિ ઘટતી જાય છે. અને સંસાર પ્રત્યે વૈરાગ્ય આપોઆપ ઉત્પન્ન થાય છે. વૈરાગ્ય પહેલા ઉત્પન્ન કરવો કઠિન છે. પરમાત્મામા પ્રીતિ કરવાથી વૈરાગ્ય આપોઆપ ઉત્પન્ન થાય છે. કેમ કે, ભજન કરતા કરતા આપણું અંતઃકરણ, ઈન્દ્રિયો, આત્મા બધું શુધ્ધ થાય છે. આ લોકના વિષયોનું બંધન ખૂબ બળવાન છે. માટે તેને હટાવવા માટે ભજન ખૂબ જરૂરી છે. કારણ કે આપણને સર્વોપરીની હા પડી ગઈ છે. પરંતુ ઈન્દ્રિયો, અંતઃકરણ તે અશુધ્ધ છે. સત્સંગને રંગે રંગાયા નથી માટે ખૂબ ભજન કરવું. કાન દ્વારા પરમાત્માની કથા ધરાઈ ધરાઈને સાંભળવી. જીભ પાસે ભગવાનના ગુણ-ગાન ગવડાવવા, ત્વચા દ્વારા ભગવાનનો સ્પર્શ કરાવવો, આંખ પાસે ખૂબ દર્શન કરાવવા, મન દ્વારા ખૂબ અંતરમાં મહારાજના ઐશ્વર્ય-પ્રતાપના સંકલ્પ કરવા, બુદ્ધિએ કરીને મહારાજના સ્વરૂપનો નિશ્ચય કરવો. અને આપણા આત્માને હંમેશા નિરોગી રાખવાનો પ્રયત્ન કરવો. આપણે આત્મા છીએ અવિનાશી છીએ તે વાત કાયમ યાદ રાખવી. આત્મબળ ક્યારે નહિ ગુમાવવાનું. આત્મબળ રાખીને ભક્તિ કરીશું તો ચોક્કસ શુધ્ધ થઈ શકાશે. શરીર તો બિમાર બધાનું થાય છે. પરંતુ આત્માને બિમાર નહિ થવા દેવો અને ભક્તિ કરતા આપણે ભગવાન પાસે જે માગીશું તે બધું ભગવાન પુરૂ પણ કરે છે. મહારાજનો વચન દ્રોહ કરવામાં આપણે પાછા પડતા નથી. પરંતુ મહારાજ તો જે માગીએ તે બધું પુરુ કરે જ છે. આપણે વચન દ્રોહ કર્યો હશે તો અંત સમયે મહારાજ લેવા આવશે ત્યારે તેમના સામે નજર નહિ મિલાવી શકીએ. માટે એટલા શુધ્ધ રહેવાનું કે આપણે મહારાજ સાથે નજર મિલાવી શકીએ. આપણે પરમાત્માને રાજી કરવાના છે. જગતને રાજી નથી કરવું. માટે સંસારથી વૈરાગ્ય લાવવા માટે ભજન ભક્તિ અને સત્સંગનું સાતત્ય સતત જાળવી રાખવું. અને મહારાજની આજ્ઞા પાળવાનો પ્રયત્ન કરવો. કારણ કે મહારાજની આજ્ઞા પાળવામાં જ આપણું સુખ સમાયેલું છે.

●

## "ચોખ્ખાઈ અને પવિત્રતા"

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આજે વિજ્ઞાન ખૂબ આગળ વધ્યું છે. તેના પિરણામ ભૌતિક સગવડતાના સાધનો જેમ જેમ વધતાં જાય છે તેમ તેમ ચોખ્ખાઈનો આગ્રહ પણ વધતો જાય છે. તેની સાથે પવિત્રતાનો માપદંડ-પવિત્રતાનું પ્રમાણ ઘટતું જાય છે. ભૌતિક સાધનો અને સુખ-સગવડ પુષ્કળ હોવા છતાં માનવી આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપમાં દુઃખી રહે છે. તેનું મુખ્ય કારણ પવિત્રતા પ્રત્યેની તેની બેદરકારી છે.

સ્થૂલ અર્થમાં ચોખ્ખાઈ અને પવિત્રતાનો અર્થ કહીએ તો જંતુ રહિત, બેકટેરિયા રહિત, પ્રદૂષણ રહિત, લેબોરેટરીમાં જેનું પ્રમાણ મેળવી શકાય તે શુધ્ધ-ચોખ્ખું અને વાપરવા લાયક કહી શકાય. તેને ચોખ્ખાઈ કહે છે. જ્યારે પવિત્રતા એટલે દોષ રહિત. જેની લેબોરેટરીમાં ચકાસણી ન કરી શકાય. પણ તેનો અનુભવ કરી શકાય. બાહ્ય શુધ્ધતાને ચોખ્ખાઈ કહેવાય. જેને નરી આંખે જોઈ

શકાય છે. જ્યારે આંતર શુધ્ધતાને પવિત્રતા કહેવાય. જેને દિવ્ય આંખ વડે જોઈ શકાય છે. જેની મનથી અંતરમાં અનુભૂતિ થઈ શકે છે.

પશ્ચિમની સંસ્કૃતિમાં ચોખ્ખાઈને જ વધુ મહત્વ અપાય છે. જ્યારે પૂર્વની સંસ્કૃતિમાં માનવીને વારસામાં જ પવિત્રતાના સંસ્કારો પ્રાપ્ત થયા હોય છે. પણ પશ્ચિમના સંસ્કારોના આક્રમણ સામે પવિત્રતાના સંસ્કારો લુપ્ત થતા જાય છે. આ પૃથ્વીના બધા ખંડોમાં વસતા માનવીઓને સંસ્કારિતાની દષ્ટિએ બે ભાગ પાડી શકાય. (૧) પૂર્વની સંસ્કૃતિ વાળો વિસ્તાર એટલે ભારત દેશ. (૨) પશ્ચિમની સંસ્કૃતિવાળો વિસ્તાર એટલે અન્ય દેશ. એટલે ભોગભૂમિ. ભારત દેશ કર્મભૂમિના વિસ્તારમાં આવેલ છે. ભારતની ભૂમિ પર પરમાત્માનું વરદાન છે કે પરમાત્માના અવતારો તેમજ સત્પુરુષો ભારત ભૂમિ ઉપર જ પ્રગટ થયા હોય છે. માટે મહાભાગ્યશાળી છે.

કળિયુગ પહેલાનાં સમયમાં માનવીઓના પેરવેશ આદિમાં સ્થૂલ દષ્ટિએ ચોખ્ખાઈ હતી નહિ. પણ આંતરિક રીતે તેઓ પવિત્ર હતા. જ્યારે આજનો માનવી સ્થૂલ દષ્ટિએ જોઈએ તો દેહ અને પહેરવેશ ચોખ્ખા હોવા છતાં આંતરિક-માનસિક રીતે પવિત્રતા જાળવી શકતા નથી. આજના માનવીમાં સામાન્ય રીતે તેમની વાણી-વર્તન-વ્યવહાર-વિચારમાં-નિર્મળતા-નિર્દોષતાનો અભાવ જોવા મળે છે. પવિત્રતા અને ચોખ્ખાઈ એક સાથે જોવા મળે તો જ સોનામાં સુગંધ ભળી ગણાય છે. જ્યાં પવિત્રતા હોય ત્યાં ચોખ્ખાઈ જોવા ન પણ મળે અને જ્યાં ચોખ્ખાઈ હોય ત્યાં પવિત્રતા જોવા ન પણ મળે. કારણ કે ગંગજળ શાસ્ત્રની દષ્ટિએ હંમેશા પવિત્ર જ ગણાય છે. આ ગંગાજળ લેબોરેટરીની તપાસમાં શુધ્ધ અને ચોખ્ખું સાબિત ન પણ થાય. તેમ આજે ઠેર ઠેર ઉપયોગમાં લેવામાં આવતા પીવાના પાણીની બોટલો-બાટલા (બિસ્લેરી) લેબોરેટરીની ચકાસણીએ શુદ્ધ અને ચોખા જળથી ભરેલા હોય છે. પરંતુ સ્પર્શ દોષથી તે ચોક્કસ અપવિત્ર જ છે. બીજો દાખલો જોઈએ તો આજે સામાન્ય રીતે ગુરુ શંકા એ ગયા બાદ માનવી સાબુથી હાથ ધૂવે છે. સ્નાન કર્યા વિના રોજીંદા કામકાજમાં જોડાઈ જાય છે. આમા પવિત્રતા જળવાતી નથી. તે માટે તો શુધ્ધ માટીથી હાથ-પગ ધોઈ, ક્યાંય સ્પર્શ કર્યા વિના, સ્નાન કરવું જોઈએ. ત્યારે જ પવિત્રતાની જાળવણી થઈ કહેવાય. ઘરમાં પરમાત્માનું મંદિર રાખ્યું હોય અને નિત્ય સેવા કરવાની હોય ત્યારે પવિત્રતાથી સેવા થાય તો જ પરમાત્મા તેનો સ્વીકાર કરે છે.

ગુજરાતીમાં કહેવત છે કે અન્ન તેવો ઓડકાર અને આહાર તેવો વિહાર આ કહેવતને પણ ચોખ્ખાઈ અને પવિત્રતાના સંદર્ભમાં સમજવા જેવી છે. માનવી પોતાની દરેક ઈન્દ્રિય દ્વારા પોતાની ઈચ્છાનુસાર આહાર ગ્રહણ કરે છે. દરેક ઈન્દ્રિયનો ખોરાક જુદો છે. જેમ કે જીભનો આહાર ભોજન સ્વાદ અને વાણી, નેત્રનો આહાર જોવુ. નાકનો આહાર ગંધ લેવી, કાનનો આહાર શ્રવણ કરવું. ત્વચાનો આહાર સ્પર્શ કરવો. હાથ-પગનો આહાર કર્મ-ક્રિયા કરવી. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારનો આહાર મનન કરવું. ચિંતવન કરવું, નિશ્ચય કરવો, નિર્ણય કરવો. પોતાનું અભિમાન રાખવું. વગેરે જો આ દરેક ઈન્દ્રિયનો દરેક આહાર પવિત્ર હોય તો માનવીનું સમગ્ર જીવન પવિત્ર બને છે. પણ આજના ટી.વી. વિડિયો અને ચેનલના યુગમાં આ પ્રક્રિયા ખૂબજ અસંભવિત લાગે છે. આજે જેટલો ચોખ્ખાઈનો આગ્રહ રખાય છે તેટલો પવિત્રતા માટે રખાતો નથી. સ્થૂલ દેહને નિરોગી રાખવા માટે જેટલી ચોખ્ખાઈની જરૂર છે તેટલી જ જરૂરત સૂક્ષ્મ દેહ અને કારણ દેહ (આંતરદેહ) પોતાના જીવાત્માને નિરોગી રાખવા માટે પવિત્રતાની છે. આજે માનવી બહારથી ચોખ્ખા જણાય, તેમની વાણી અને વ્યવહાર વિનય યુક્ત હોય પણ તેમની દ્રષ્ટિ, વિચાર, સંકલ્પ આદિ પવિત્ર છે કે કેમ તે જાણવું અશક્ય છે. એ વ્યક્તિને જાણવા માટે ઝીણવટથી નિરીક્ષણ કરવું જોઈએ કે એ કોના સંગમાં વધુ રહે છે, કેવું જમે છે. દિવસ રાતનો વધુ સમય ક્યાં વિતાવે છે. નિવૃત્તિનો સમય ક્યાં કોની પાસે પસાર કરે છે. તે તપાસ કરવામાં આવે તો તેની પવિત્રતાનો અંદાજ મેળવી શકાય છે. જાણે અજાણ્યે કુસંગનો યોગ થઈ જાય કે સહેજ પણ બેદરકારી થઈ જાય તો તે ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા હોય તો પણ ભોંય પર પડી જાય છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

**શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું**

**શ્રી સ્વામિનારાયણ મંદિર - નારાયણઘાટના ૨૦માં પાટોત્સવ તથા જીર્ણોદ્ધારિત મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે**

# શ્રી ઘનશ્યામ મહોત્સવ

**કથાનો સમય સવારે : ૦૮-૩૦ થી ૧૧-૩૦ ● બપોરે : ૦૩-૦૦ થી ૦૬-૦૦**

**પ્રારંભ**
તારીખ
૨૪-૨-૨૦૧૬
બુધવાર
મહા વદ-૧



**પૂર્ણાહુતિ**
તારીખ
૨૮-૨-૨૦૧૬
રવિવાર
મહા વદ-૫



પ.પૂ. મોટા મહારાજશ્રી



પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી



પ.પૂ. લાલજી મહારાજશ્રી

**: આયોજક :**

સ.ગુ.સ્વામી શ્રી દેવપ્રકાશદાસજી - મહંતશ્રી નારાયણઘાટ

સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી.સ્વામી) - મહંતશ્રી ગાંધીનગર (સે-૨)

તથા સમસ્ત સત્સંગ સમાજ એવમ્ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ

**સ્થળ**

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ, સુભાષબ્રીજના છેડે, શાહીબાગ, અમદાવાદ. ફોન. ૨૫૬૨૫૯૧૮



શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ધર્મ-ભક્તિ - નારાયણઘાટ



શ્રી હનુમાનજી



અમદાવાદ દેશના આચાર્યોની સ્મૃતી છત્રી



શ્રી ગણપતિજી



પ્રસાદીના હનુમાનજી



પ્રસાદીના શિવજી



પ્રસાદીનું શિવજી મંદિર



પ્રસાદીનું હનુમાનજી મંદિર

# હાર્દિક નિમંત્રણ

સર્વાવતારી શ્રી ભગવાનશ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી તથા અમદાવાદ શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી, ભગવાન સ્વામિનારાયણે કલ્યાણના માર્ગને સદા પ્રશસ્ત રાખવા સ્વહસ્તે ૯ (નવ) મહાંમદિરોનું નિર્માણ કરીને દેવો પધારાવ્યા એમાં પણ સૌ પ્રથમશ્રીનગર (અમદાવાદ)માં મંદિર નિર્માણ કરાવી મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ પોતાના બાથમાં લઈ ''આ અમારું જ સ્વરૂપ છે'' એમ કહી પધરાવ્યા. એ મહાપ્રતાપી ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની પ્રાગટ્યભૂમિએટલે સાબરમતી ગંગાના કિનારે આવેલું ''નારાયણઘાટ''

આદિ સતયુગમાં આ ક્ષેત્ર ધર્મારણ્ય તરીકે ઓળખાતું. આ નદી ગંગા કરતા પણ અનાદિ છે. જે પૂર્વકાળમાં ''સાભ્રમતી'' ના નામે પુરાણોમાં વર્ણવાયેલી છે. આ નદીના કિનારે ધર્મદેવ અને મૂર્તિદેવી એ તપ કરી ને ભગવાનને પુત્ર સ્વરૂપે પ્રાપ્ત કરવાનું વરદાન મેળવ્યું આ જ નારાયણઘાટમાં ધર્મદેવ-મુર્તિદેવી (ભક્તિદેવી) થકી ભગવાન શ્રી નર-નારાયણ-હરિ-કૃષ્ણ એ ચાર સ્વરૂપે પ્રગટ થયા.

આ પવિત્ર તીર્થમાં ભગવાન શ્રીહરિએ હજારો વખત સંતો સાથે પધારી સાબરમતીમાં સ્નાન કરેલું છે તથા પ્રસાદીના મહાદેવજી તથા અયોધ્યા પ્રસાદજી મહારાજે પધરાવેલ શ્રી હનુમાનજી મહારાજની પવિત્ર ભૂમિઉપર સ્થિત એક નાના હરિમંદિરના સ્થાને પૂ.અ.નિ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીએ શિખરબદ્ધ મંદિરનું નિર્માણકાર્ય કરી આજથી ૨૦ વર્ષ પહેલા સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ તથા ધર્મ-ભક્તિ-હરિકૃષ્ણમહારાજની મુર્તિઓ પધરાવી. એ પ્રતિષ્ઠીત દેવોને ૨૦ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે સાથો સાથ મંદિરનું નિર્માણકાર્ય તો થયેલું પરંતુ મંદિરની પ્રદક્ષિણાનો ભાગ - ખુલ્લો હતો તેથી ઉનાળા અને ચોમાસામાં ભક્તોને ખુબ અગવડ પડતી તેથી સૌ ભક્તોની માંગણી અને આગ્રહથી પ્રદક્ષિણાને પત્થરના થાંભલા - કમાનોથી સુશોભિત કરી ઢાંકવાની સાથે સમગ્ર મંદિરને બંસીપુરના લાલ પત્થરોથી જીર્ણોદ્ધારિત કરવાનું કાર્ય પણ આરંભ થયું તથા શ્રી હનુમાનજી - ગણપતિજીના દેરા (મંદિર) પણ નવ નિર્માણ કરી એમાં પણ નૂતન મૂર્તિઓ તૈયાર કરવામાં આવી. સાથો સાથ મહાદેવજી મંદિર સંપૂર્ણ જીર્ણોદ્ધાર, નંદ સંતોની છત્રી, રીવરફ્રન્ટ દિવાલ તથા દરવાજાનું કાર્ય પણ કરવામાં આવ્યું. આ સંપૂર્ણ જીણોદ્ધારનું કાર્ય અમદાવાદ મંદિરના સૌ પ્રથમ **મહંત સ.ગુ.સર્વજ્ઞાનંદ સ્વામીની** શિષ્યપરંપરાના **સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી**(મારવાડી)ના શિષ્ય **સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી** (કાઠિયાવાડી) તથા **સ.ગુ.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી**(કાકા સ્વામી) ના શિષ્ય **સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજીના** માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયેલ છે. તો આ સમગ્ર કાર્યની ફલશ્રુતિ સ્વરૂપે સમગ્ર ધર્મકુળના હૃદયપૂર્વકના રાજીપાથી મહાવદ-૧ તા. ૨૪-૦૨-૨૦૧૬, બુધવાર થી મહાવદ-૫ ૨૮-૦૨-૨૦૧૬, રવિવાર પર્યંત શ્રી ઘનશ્યામ મહોત્સવ ઉજવવાનું નિર્ધારેલ છે.

આ મહોત્સવના ઉપક્રમે શ્રીમદ્ સત્સંગીભૂષણ પારાયણ, હરિયાગ, શ્રી હનુમાનજી-શ્રી ગણપતીજી મૂર્તિ પ્રતિષ્ઠા ઠાકોરજીની નગરયાત્રા, જીર્ણોધ્ધારીત મંદિરનું ઉદ્‌ઘાટન તથા મહાઆરતી, પોથીયાત્રા, અભિષેક, અન્નકોટ, અખંડ ધૂન, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, મેડીકલ કેમ્પ, રક્તદાન કેમ્પ, મહિલા મંચ, રાત્રિય સાંસ્કૃતિક કાર્યક્રમઆદિ અનેક વિધ મંગલ કાર્યક્રમોનું પણ આયોજન કરેલ છે.

આ શુભ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળા બાશ્રી, પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળા બાશ્રી, પૂ.શ્રી રાજા સમગ્ર ધર્મકુળ સાથો સાથ ધામો ધામ દેશો દેશથી બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતો, મહંતો પધારશે. તો આ શુભ પ્રસંગે દર્શન- પ્રવચન- કથા વાર્તા - આશીર્વાદ - પ્રસાદનો લાભ લઈ મોક્ષનું ભાથુ ભરવા પધારવા અમારુ હાર્દિક નિમંત્રણ છે.

કથાના વક્તા પદે **સ.ગુ. શા. સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી** (કોટેશ્વર) તથા **સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી** (ગાંધીનગર) બિરાજી સંગીતમય શૈલીમાં કથાનું રસ પાન કરાવશે.

**-:: પ્રેરણા ::-**
સ.ગુ. શા.સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી
(મહંતશ્રી કાલુપુર)

લી.
કોઠારી સ્વામી બાલસ્વરૂપદાસજી તથા પૂજારી શા.સ્વામી દિવ્યપ્રકાશદાસજી,
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ,
સમસ્ત સત્સંગ સમાજ, શ્રી સ્વામિનારાયણ મંદિર-નારાયણઘાટ

# કાર્યક્રમની રૂપરેખા

## તા.૨૪-૨-૨૦૧૬, બુધવાર

- પોથીયાત્રા : સવારે ૭:૦૦ કલાકે
પારાયણના યજમાનશ્રી પ.ભ. ડાહ્યાભાઈ એન. પટેલના નિવાસ સ્થાન (બી-૩૦૧, ચોથે માળે, શિલાલેખ ટાવર, શાહીબાગ) થી નિકળી કથા સ્થળે જશે.
- અખંડ ધૂન પ્રારંભ : સવારે ૮:૩૦ કલાકે
- દીપ પ્રાગટ્ય : સવારે ૯:૦૦ કલાકે
- કથા પ્રારંભ : સવારે ૯:૧૫ કલાકે
- નૂતન સાહિત્ય વિમોચન : સવારે ૧૧:૧૫ કલાકે
- શ્રી ઘનશ્યામ જન્મોત્સવ : સાંજે ૫:૩૦ કલાકે (શ્રી સહજાનંદ ગુરુકુળ, કોટેશ્વરના વિદ્યાર્થીઓ દ્વારા)

## તા.૨૮-૦૨-૨૦૧૬, રવિવાર

- મંગળા આરતી : સવારે ૬:૦૦ કલાકે
- ઠાકોરજીનો અભિષેક : સવારે ૬:૦૦ કલાકે (પ.પૂ.ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે)
- શણગાર આરતી : સવારે ૮:૩૦ કલાકે
- પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું આગમન : સવારે ૯:૦૦ કલાકે
- શ્રી હરિયાગ પૂર્ણાહુતિ : સવારે ૯:૩૦ કલાકે
- કથા પૂર્ણાહુતિ : સવારે ૧૦:૦૦ કલાકે (પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે)
- પ્રાસંગિક સભા તથા પૂ. સંતોના આર્શીવચન : સવારે ૧૦:૩૦ કલાકે
- અન્નકૂટ આરતી : બપોરે ૧૧:૩૦ કલાકે

## તા.૨૫-૧૨-૨૦૧૬, ગુરુવાર

- સર્વરોગ નિદાન કેમ્પ ઉદ્‌ઘાટન : સવારે ૧૦:૦૦ કલાકે
- શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ગાદી અભિષેક (કથા અંતર્ગત) : સાંજે ૫:૩૦ કલાકે

## તા.૨૬-૦૨-૨૦૧૬, શુક્રવાર

- રક્તદાન કેમ્પ ઉદ્‌ઘાટન : સવારે ૯:૩૦ કલાકે
- પ.પૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું આગમન : સવારે ૧૦:૩૦ કલાકે
- શ્રી નરનારાયણ પ્રતિષ્ઠા (કથા અંતર્ગત) : સાંજે ૫:૩૦ કલાકે (પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં)

## તા.૨૭-૨-૨૦૧૬, શનિવાર

- શ્રી હરિયાગ પ્રારંભ : સવારે ૮:૦૦ કલાકે (યજ્ઞના આચાર્ય : પૂ. અશ્વિનભાઈ ત્રિવેદી)
- મહાપૂજા પ્રારંભ : સવારે ૮:૦૦ કલાકે
- ગૌદાન : સવારે ૮:૩૦ કલાકે
- ઠાકોરજીની નગરયાત્રા : બપોરે ૨:૦૦ કલાકે (શ્રી સ્વામિનારાયણ મંદિર - રાણીપ થી વાજતે ગાજતે ધામધૂમથી કથા સ્થળે જશે.)
- જીર્ણોદ્ધારીત મંદિર ઉદ્‌ઘાટન, દિપમાળા તથા સમૂહ આરતી : સાંજે ૬:૩૦ કલાકે

**નોંધ :-** કથા શ્રવણ કરવા આવનાર દરેક ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

## રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ

(દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ કલાકે)

તા. ૨૪-૨-૧૬ બુધવાર : મહિલા મંચ

તા. ૨૫-૨-૧૬ ગુરુવાર : હાસ્ય દરબાર (કલાકાર જીતુભાઈ દ્વારકાવાળા તથા રણજીત વાંક)

તા. ૨૬-૨-૧૬ શુક્રવાર : રાસોત્સવ (કલાકાર પૂરવ પટેલ તથા સાથી કલાકારો

તા. ૨૭-૨-૧૬ શનિવાર : સંત કિર્તન સંધ્યા

- સ.ગુ. સ્વા. શ્રી બળદેવપ્રસાદદાસજી - કાલુપુર
- સ.ગુ. સ્વા. શ્રી હરિજીવનદાસજી - કાલુપુર
- સ.ગુ. શા. સ્વા. શ્રી સુવ્રતસ્વરૂપદાસજી - મુળી
- સ.ગુ. શા. સ્વા. શ્રી વિશ્વસ્વરૂપદાસજી - કાલુપુર
- સ.ગુ. બ્ર. સ્વા. શ્રી મુકુંદાનંદજી - કાલુપુર આદિક સંતો દ્વારા કિર્તનભક્તિ

**મહોત્સવ દરમ્યાન બહેનોને દર્શન અને આશીર્વાદ આપવા માટે પ.પૂ. અ.સૌ. ગાદીવાળાબાશ્રી, પ.પૂ.મોટા ગાદીવાળાબાશ્રી તથા પૂ. શ્રીરાજા પધારશે....**

સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ

www.swaminarayan.in

તથા

॥कथा॥

Live On Katha Channel Ch. No. 555

ગુજરાતીમાં કહેવત છે કે ભણનાર કરતાં ભણાવનારે વધુ ખટકો રાખવો પડે છે. માટે દરેક ઈન્દ્રિયનો આહાર હંમેશા પવિત્ર જ રહે તે ખાસ જોવું જોઈએ. પવિત્રતાની દ્રષ્ટિએ માનવના ચાર પ્રકાર છે. (૧) પામર (૨) વિષયી (૩) મુમુક્ષુ અને (૪) મુક્ત. આમાંથી મુક્ત-સ્થિતિ એ સર્વોચ્ચ સ્થિતિ છે. જ્યારે આવી મુક્તસ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ જીવાત્માનું કલ્યાણ થાય છે.

ચોખ્ખાઈ અને પવિત્રતા તન-મન-ધનની હોય છે. એટલે માનવી સંપૂર્ણપણે પવિત્ર બન્યો કહેવાય. તનની ચોખ્ખાઈ માટે સાબુ-શેમ્પું વગેરેની જરૂર છે. અને સ્પર્શ દોષથી તનને દૂર રાખી તનની પવિત્રતા જળવાય છે.

મનની ચોખ્ખાઈ અને પવિત્રતા માટે અખંડ સત્સંગની જરૂર છે. ને ધનની ચોખ્ખાઈ અને પવિત્રતા માટે ધર્માદાની જરૂર છે. શાસ્ત્રોમાં સાચા સત્પુરુષને માતાની ઉપમાં અપાય છે. જે રીતે અપવિત્ર થયેલા બાળકને માતા નવડાવી, સ્વચ્છ કપડાં પહેરાવી, તૈયાર કરી, પિતાના ખોળામાં મૂકે છે તો પિતાને તે બાળકને રમાડવાનું મન થાય છે. તેવી રીતે માતારૂપ સાચા સત્પુરુષ મુમુક્ષુ જીવાત્મા જે અનેક પ્રકારની આંતરિક અપવિત્રતાના દોષ-મેલથી ભરેલા હોય છે તેને સત્સંગરૂપી કથા વાર્તાના યોગથી તમામ દોષમાંથી છુટકારો અપાવી પવિત્ર કરીને પિતા રૂપી પરમાત્માના હાથમાં મૂકે છે. ત્યારે એ મુમુક્ષુ જીવાત્મા રૂપી બાળકને પરમાત્મારૂપી પિતા પ્રસન્ન થઈ ને રમાડે છે. ને મુક્ત સ્થિતિને પામેલા પવિત્ર મુમુક્ષુ જીવાત્માનું પરમ કલ્યાણ કરે છે.

આ લોકમાં ચોખ્ખાઈની જેટલી જરૂરત છે તેના કરતા આ લોક અન પરલોકમાં કાયમી સુખ, શાંતિ અને પરમ સંતોષ માટે પવિત્રતાની વધુ આવશ્યકતા છે. પવિત્રતાથી પરમાત્મા અને સત્પુરુષોની પ્રસન્નતા પણ મેળવી શકાય છે. માટે આપણી તમામ ઈન્દ્રિયોનો આહાર પવિત્ર જ રહે તેવો મન-વચન-કર્મથી પ્રયત્ન કરીએ. ચાર પ્રકારના માનવી માંથી આપણે મુક્ત-સ્થિતિના માનવ બનીએ અને બીજા માટે આદર્શ બની, આપણા મનુષ્ય જીવનને સંપૂર્ણ અર્થમાં સાર્થક કરી શકીએ તેવી દિવ્ય બુદ્ધિ અને દિવ્ય સત્સંગ નો અખંડ યોગ આપણને સૌને આપો એવી પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળમાં કરબધ્ધ પ્રાર્થના કરીએ. પરમાત્મા એ જે પરમ ધ્યેયની સિધ્ધિ માટે મનુષ્ય જન્મ આપ્યો છે તે પવિત્રતાથી સાર્થક કરીએ ને પરમાત્માની શરણાગતિ સ્વીકારી મનુષ્ય જન્મને સાર્થક કરીએ. ચિંતામણી તુલ્ય આ મનુષ્ય જન્મ દેવતાને દુર્લભ એવા ભરતખંડમાં પ્રાપ્ત કર્યા પછી ચોખ્ખાઈ, પવિત્રતાથી સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય ને જીવાત્માનું કલ્યાણ થાય એવી પ્રાર્થના.

અનુસંધાન પેજ નં. ૧૫ પરનું

બિલ્ડીંગોની સીડીઓ ના ખૂણા, પગથીયામાં નજર કરો તો દેખાશે કે શિક્ષિત ગણાતા માણસો પણ ગમે તેમ થૂંકતા જતા હોય છે. અને પોતાનો જ નાશ નોતરતાં જાય છે. ગંદકીના લીધે કેટલાય રોગો, કેટલાય ચેપ વગેરે દ્વારા અનેક પ્રકારના રોગોથી માણસ દુઃખી થાય છે.

આ તકલીફથી પોતાના આશ્રિતો તેમજ સારોય સમાજ કેવી રીતે બચી શકે તે સદાચારની બાબત દયા કરીને શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સમાવી છે. જો દરેક વ્યક્તિ પોતાની ફરજ સમજીને સ્વચ્છતા જાળવવા પ્રયત્નશીલ બને તો સરકારના કરોડોના ખર્ચ બચી જાય જેનો ઉપયોગ દેશ સેવા માટે થઈ શકે. માણસને સદાચારથી મળતું સુખ જોઈએ છે પણ સદાચાર પાળવો નથી, તે ક્યાંથી બની શકે!! આપણી એક કહેવત છે કે - ''બાવળ વાવીને કેરીના ફળની આશા રાખે તે કેવો ગણાય!''

ડોકટર પાસે જઈએ ડોકટર દવા આપે પણ એ દવા લેવાની જવાબદારી આપણી છે. જો દવા ન લઈએ ને રોગ ન મટે તેમાં ડોકટરનો શું વાંક ! એમ સ્વામિનારાયણ ભગવાને આપણને વિધિ-નિષેધની દવાના પડીકા તૈયાર આપ્યા છે તે પ્રમાણે આપણે વર્તીએ નહી ને દુઃખી થઈએ તો એ આપણો વાંક છે. બાકી તો આપણા ઈષ્ટદેવને આપણને સુખી કરવા છે અને આપણે સુખી રહી શકીએ તે માટે શિક્ષાપત્રી સ્વહસ્તે લખી અને આપણને આપી છે.

આજના દિવસે આપણે શિક્ષાપત્રીની આજ્ઞાઓનો યથાર્થ અમલ કરવાની ટેક લઈએ અને સુખી થઈએ.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ક્યા ધર્મનું આચરણ ન કરવું ?

પ્ર. ૨ શ્રીમદ્ ભગવત ગીતામાં ચાર પ્રકારનાં ભક્તની વ્યાખ્યા કરવામાં આવી છે. તેના નામ જણાવો.

પ્ર. ૩ નિલાખા ગામના મુંજાસુરને દારુ, માંસ વગેરે દુરાચાર મુકાવી ક્યાં સંતે તેને સત્સંગી બનાવ્યા ?

પ્ર. ૪ ''જે આત્મનિષ્ઠા હોય તે અંત સમે કેટલી સહાય કરે છે'' આ પ્રશ્ન ક્યા વચનામૃતમાં કોને પૂછેલ છે ?

પ્ર. ૫ આજોલ ગામની ભાગોળેથી સ્વામિનારાયણ ભગવાન પસાર થયા. ગામની ભાગોળે પાણી ભરવાને કૂવે દશ-પંદર ગામની બહેનો પાણી ભરતી હતી. શ્રીજી મહારાજ આગળ મુકુંદ બ્રહ્મચારી પાછળ, ત્યાં કોઈ બહેને એના પિયરપક્ષમાં મહારાજનાં દર્શન કર્યા હશે એટલે તેને ખબર પડી કે આ જાય છે એ સ્વામિનારાયણ છે. પાણી ભરવાનું પડતું મુકીને દસ-પંદર જેટલી બહેનો પગે લાગવા દોડી, બહેનો કહે છે ઊભા રહો અમારે પગે લાગવું છે. તમે સ્વામિનારાયણ છોને ! પછી શ્રીજી મહારાજે શું કહ્યું ?

પ્ર. ૬ કામ, ક્રોધ, લોભ તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહી તેનો શો ઉપાય છે ? વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે?

પ્ર. ૭ ''અહો પ્રભુ અચરજ માયા તમારી, જીસે મોહે સકલ નરનારી'' - આ કીર્તનના રચયિતા કોણ છે ?

## જાન્યુઆરી-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ શ્લોક-૨૧. (૨) ગ.મ.પ્ર. ૬૨. (૩) ૧. શુભેચ્છા, ૨. સુવિચારણા, ૩. તનુમાનસા, ૪. સત્યાપતિ, ૫. અસંસક્તિ, ૬. પદાર્થ ભાવની, ૭. તુર્યગા. (૪) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી. (૫) કાલવાણી ગામ. (૬) પ્રથમ પ્રકરણ, અધ્યાય-૧૭. (૭) સ.ગુ. ગોપાળાનંદ સ્વામી.

૧ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩ દરજી સંગીતા કે. (કાલુપુર)
૪ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૫ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૬ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૭ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૮ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૯ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૦ પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર)
૧૧ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૧૨ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૧૩ પટેલ અંજનબેન મનુભાઈ (નાંદોલ)
૧૪ કોઠારી વિષ્ણુભાઈ શાન્તુભાઈ (નાંદોલ)
૧૫ સાં.યો. રંજનબા તથા નાનીબેન (શ્રી સ્વા. મંદિર, વિરાટનગર)
૧૬ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૧૭ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૮ શોભના કિશોરભાઈ (ઝોલાપરા)
૧૯ પટેલ કંચનેબન બાબુભાઈ (રતનપર)
૨૦ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૨૧ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણાવાળા)
૨૨ મહેતા બંકિમભાઈ રતિલાલ (રાણીપ)
૨૩ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૪ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૫ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૨૬ સાં.યો. દર્શનાબેન ગુરુ સુરજબા, ઝવેરબા (વાવોલ)
૨૭ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૮ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૨૯ સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર-હવેલી)
૩૦ ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૩૧ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૨ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૩૩ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૩૪ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૫ પટેલ નયના સુમનભાઈ (સાબરમતી)
૩૬ પટેલ લલિતાબેન જયંતિલાલ (સાબરમતી)
૩૭ પટેલ મધુબેન મહેન્દ્રભાઈ (સાબરમતી)
૩૮ સોલંકી વિનુજી પોપટજી (ડાંગરવા)
૩૯ સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૪૦ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૪૧ પટેલ મીનાબેન એમ. (આંબાવાડી)
૪૨ પટેલ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરવાવાળા)
૪૩ શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિમતનગર)
૪૪ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરાવાળા)
૪૫ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૪૬ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૪૭ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૮ ફીણવીયા ધર્મિષ્ઠાબેન હિતેશભાઈ (બાપુનગર-એપ્રોચ)
૪૯ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૫૦ મહેશ ભગત (સ્વા.મંદિર ઘાટલોડિયા)
૫૧ પટેલ ઉષાબેન ચીનુભાઈ (ઉનાવા)
૫૨ સ્વામિ. મંદિર (હર્ષદ-બાપુનગર)
૫૩ ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૫૪ સાં.યો. બહેનો (સ્વા. મંદિર બહેનોનું - મોરબી)
૫૫ ભોરણીયા મુકેશ ત્રિભોવનભાઈ (ઘુંટુ)
૫૬ ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘુંટુ મોરબીનું)
૫૭ ઘર સભા બહેનો (લુણાવાડા)
૫૮ પટેલ ભારતીબેન વિષ્ણુભાઈ (ડાંગરાવાળા)
૫૯ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૬૦ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૬૧ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૬૨ પટેલ રેખાબેન કીર્તિભાઈ (ઉંઝા)
૬૩ પરમાર ભાનુબેન ભગવાનજી (બોડકા)

# સત્સંગ સમાચાર

**કાલુપુર, અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી તેમજ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. પૂજારી સ્વામી ભક્તિકિશોરદાસજી, કોઠારી જે.કે. સ્વામી, શા. નારાયણમુનિદાસજી આદિ સંત મંડળ આદિના સુંદર માર્ગદર્શનથી અને સેવાભાવી હરિભક્તોના સાથ સહકારથી રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં તા. ૧૦-૧-૧૬ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. અલૌકિક શાકનો વઘાર પૂજ્ય સંતોના શુભ વરદ્ હસ્તે થયો હતો. હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોએ શાકોત્સવના દિવ્ય દર્શનનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્યભાગી બન્યા હતા.

(શા. સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી તથા કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તા. ૩-૧-૧૬ થી તા. ૫-૧-૧૬ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રીનરનારાયણદેવના શુભ સાનિધ્યમાં મધુબેન પુરૂષોતમદાસ મારફતિયા પરિવાર (રાજપુર) તરફથી શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ.શા.સ્વા. વિશ્વવિહારીદાસજી ગુરુ મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજીના વક્તાપદે થઈ હતી. સંત-હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ધનુર્માસ ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી તથા અત્રેના સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી શ્રી નારાયણઘાટ મંદિરમાં ધનુર્માસમાં તા. ૧૬-૧૨-૧૫ થી તા. ૧૪-૧-૧૬ પર્યન્ત સવારે ૫-૧૫ કલાકે મંગળા આરતી બાદ ૬-૦૦ થી ૬-૩૫ સુધી શ્રી સ્વામિનારાયણ મહા મંત્ર ધૂન કરવામાં આવતી હતી. ત્યારબાદ સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રીહરિસ્મૃતિ કથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ), શા. સિધ્ધેશ્વરદાસજી (ઉનાવા) અને શા. દિવ્યપ્રકાશદાસજીએ કરીને સુંદર લાભ આપ્યો હતો. ઘણી મોટી સંખ્યામાં નાના-મોટા હરિભક્તો અને બાળકોએ ધૂન અને કથા શ્રવણ કરી શ્રી ઘનશ્યામ મહારાજનો રાજીપો મેળવ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. ધૂન બાદ યુવક મંડળના તમામ ભક્તો ને શિરાનો મહાપ્રસાદ આપવામાં આવતો હતો.

ધનુર્માસ દરમ્યાન કાલુપુર મંદિરના પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ આશીર્વાદ સાથે શ્રી ઘનશ્યામ મહોત્સવમાં તન-મન અને ધનથી સેવા કરવા અનુરોધ કર્યો હતો.

(કોઠારી સ્વા. બાલસ્વરૂપદાસજી -નારણઘાટ)

**નારાયણઘાટ મંદિરમાં સ્નેહ મિલન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે તા. ૨-૧-૧૬ ના રોજ સમસ્ત સત્સંગ સમાજનું સ્નેહ મિલનનું સુંદર આયોજન સ.ગુ. મહંત સ્વા. દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત શા.પી.પી. સ્વામી (ગાંધીનગર) તથા નારાયણઘાટ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં નારાયણઘાટ મંદિર નિયમિત આવતા હરિભક્તો અને આજુબાજુના વિસ્તારના ભક્તોએ લાભ લીધો હતો. કાલુપુર મંદિરથી સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સુંદર ભક્તિમય વાતાવરણમાં સૌ એ શ્રીહરિ નામસ્મરણ સાથે પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ સંધ્યા આરતીના દર્શન કરી પુનઃ સભામાં સંતોએ આગમી ૨૪ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી સુધી ઉજવાનાર શ્રી ઘનશ્યામ મહોત્સવની જાહેરાત કરી હતી.

(ગોવિંદભાઈ પટેલ - નારાયણઘાટ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી અને અત્રે મંદિરના મહંત શા. હરિૐપ્રકાશદાસજી અને સંત મંડળના માર્ગદર્શનથી તથા હરિભક્તોના તન, મન, ધનના સહયોગથી તા. ૩-૧-૧૬ ને રવિવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં સાંજે ૫-૦૦ કલાકે કીર્તનકાર શ્રી હસમુખ પાટડીયા

અને શ્રી જયેશભાઈ સોનીના સુમધુર કંઠે કીર્તન સંધ્યાના પ્રારંભ બાદ શા. ઘનશ્યામસ્વરૂપદાસજીએ જ્ઞાન વાર્તા અને જેતલપુરધામના શા.પી.પી. સ્વામીએ ભગવત્કથાનો લાભ આપેલ ત્યારબાદ સાંજે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું આગમન થતા પુષ્પ વૃષ્ટિ અને ઢોલ શરણાઈ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધામો ધામના સંતો અને સાંખ્યયોગીબાઈઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા. સભામાં શા. માધવ સ્વામી અને યજમાન પરિવારે ધર્મકુળ પૂજન-સંત પૂજન કર્યું હતું. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું પૂજન યજમાન પરિવારના બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. અમદાવાદ ના મેયરશ્રી આદિ મહેમાનોનું સન્માન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. પાંચ હજાર ગરીબોને પ્રસાદ અને અંદાજે ૨૫ હજાર ભક્તોએ શાકોત્સવને માણ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો અલૌકિક વઘાર કરવામાં આવ્યો હતો. રોટલાની સુંદર સેવા આજુબાજુના વિસ્તારના અને બહાર ગામના બહેનો-હરિભક્તોએ કરી હતી.

''શિર સાટે સત્સંગ નામક રૂપક'' નારણપુરાના યુવક મંડળે સુંદર રજૂ કર્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં ઘણા યુવાન હરિભક્તોએ સ્વેચ્છિક બ્લડ ડોનેટ કર્યું હતું. આ પ્રસંગે હરિદ્વાર મંદિરના મહંત મુકુન્દ સ્વામી, વિશાલ ભગત આદિ સંત-પાર્ષદ મંડળે સુંદર સેવા કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વિદેશથી આજે જ પધાર્યા હોવા છતાં ખૂબજ પ્રસન્ન અને રાજી હતા. સ્વયં સેવકોની સેવા પ્રેરણારૂપ હતી.

(કોઠારી મયુર ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ શાકોત્સવ એવં પદયાત્રા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અત્રેના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તા. ૨૭-૧૨-૧૫ અને તા. ૩-૧-૧૬ ના રોજ અનુક્રમે પ.ભ. નાગજીભાઈ શિંગાળાના શ્રીજી ફાર્મ કુબડથલ ખાતે અને પ.ભ. વિનુભાઈ પડશાળાના મારૂતિનંદન ફાર્મ જાણું ખાતે તેઓશ્રીના યજમાનપદે દિવ્ય સત્સંગ સભા તેમજ શાકોત્સવનું આયોજન થયું હતું. કાલુપુર મંદિરના પૂ. બળદેવ સ્વામી અને હરિજીવન સ્વામી અને લસુન્દ્રા ગામના બાળ મંડળે કીર્તન ભક્તિ સાથે ધૂન કરી હતી.

આગામી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૫ માં વાર્ષિક સ્થાપના દિન તેમજ એપ્રોચ મંદિરના ૧૧ માં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૬-૧-૧૬ ના રોજ અત્રેના ૮૦૦ જેટલા સંત-હરિભક્તોએ એકાદશીના શ્રી નરનારાયણદેવની શણગાર આરતીના દર્શન પદયાત્રા કરીને કર્યા હતા.

તા. ૧૦-૧-૧૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર નિકોલ ગામ આયોજીત શાકોત્સવ પ્રસંગે એપ્રોચ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા કરી હતી. તેમજ નાંદોલ ગામમાં શાકોત્સવ પ્રસંગે પ્રેરણાત્મક નાટક અને સંતોએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ધનુર્માસમાં અત્રે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ લીલામૃત સાગરની કથા સંતોએ કરી હતી. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ સાબરમતી કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પ્રેરણા આશીર્વાદ અને સાનિધ્યમાં સાબરમતીના આંગણે તા. ૮-૧-૧૬ થી તા. ૧૨-૧-૧૬ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીમદ્ પુરુષોત્તમ પ્રકાશ પંચાન્હ પારાયણ સાંખ્યયોગી બાઈઓ (સ્વા. મંદિર કાલુપુર)ના વક્તાપદે થઈ હતી. જેમાં આવતા જન્મોત્સવ, શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા, રંગોત્સવ-રાસોત્સવ, શાકોત્સવ, સમૂહ આરતી, ધર્મકુળ પૂજન આદિ યજમાનશ્રી તરફથી ઉજવાયા હતા. સમસ્ત બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ગુરુમંત્ર લઈ ખૂબજ ધન્ય બન્યા હતા.

(શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ સાબરમતી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ પાલડી શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા જેતલપુર ધામના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા અંજલી મંદિરના મહંત વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ પાલડી ખાતે તા. ૯-૧૦૧૬ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેમાં પ્રથમ અંજલી મંદિરના શાસ્ત્રી ભક્તિનંદન સ્વામીએ શાકોત્સવ કથા નો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે જેતલપુર ધામથી પૂ. શા.પી.પી. સ્વામી, પૂ.શ્યામ સ્વામી, પૂ. ભક્તિ સ્વામી, કાંકરિયાથી મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને આનંદ સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

સંતો સાથે યજમાન પરિવારે શાકોત્સવનો વઘાર કર્યો હતો. ત્યારબાદ પૂ. પી.પી. સ્વામીએ સુંદર આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે ઠાકોરજીની આરતીના દર્શન કરી સૌએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવતા હતા. શાકોત્સવમાં સેવા કરનાર બહેનો તથા સ્વયં સેવકોની સેવા પ્રેરણારૂપ હતી. (મહંત સ્વા. વિશ્વપ્રકાશદાસજી - અંજલી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગરમાં તા. ૬-૧-૧૬ થી તા. ૧૦-૧-૧૬ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રના મહિમા ઉપર પંચદિનાત્મક કથા સ્વા. સત્યસંકલ્પદાસજી અને શા. સુવ્રત સ્વામીએ કથા કરી હતી.

છેલ્લા દિવસે તા. ૧૦-૧-૧૬ ના રોજ મહિલા મંડળ દ્વારા મહિલા શિબિર તેમજ શાકોત્સવનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી સાંખ્યયોગી બહેનો સાથે પધાર્યા હતા. સાંખ્યયોગી બહેનોએ કથાવાર્તા દ્વારા ભગવાનનું માહાત્મ્ય સમજાવ્યું હતું. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના શુભ હસ્તે શાકોત્સવનો દિવ્ય વઘાર કરવામાં આવ્યો હતો. બપોરે ૨-૦૦ થી ૬-૦૦ મહામંત્ર ધૂન થઈ હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (કોઠારી નટુભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તા. ૨૭-૧૨-૧૫ ના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા ખાતે કાલુપુર મંદિરના પૂ. બળદેવ સ્વામી અને પૂ. હરિજીવન સ્વામીની પ્રેરણાથી દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાલુપુરથી પૂ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા વહેલાલ, એપ્રોચ, બામરોલી (એમ.પી.) અને દિલ્હીના સંતો પધાર્યા હતા. સભામાં સર્વોપરિપણાની નિષ્ઠાની અને ધર્મકુળની સુંદર કથા દૃષ્ટાંતો સાથે કરી હતી. શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. અતુલભાઈ પટેલ (એડવોકેટ) આદિ એ સુંદર સેવા કરી હતી. યુવક મંડળ અને બહેનોની સેવા પ્રસંશનીય હતી. (કોઠારી ભીખુભાઈ ડાભી)

**હિરાવાડી વિસ્તારમાં શાકોત્સવ-સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી હિરાવાડી વિસ્તારના શ્રીનરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી તા. ૧૦-૧-૦૬ના રોજ દિવ્ય ચતુર્થ શાકોત્સવ તેમજ પ્રાસંગિક સત્સંગ સભા યોજવામાં આવી હતી.

આ પ્રસંગે અમદાવાદ મંદિરથી પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા. કૂંજવિહારીદાસજી, માધવ સ્વામી, શા. છપૈયા સ્વામી નારણઘાટથી મહંત સ્વા. દેવપ્રકાશદાસજી, શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી ગાંધીનગર (સે-૨) મહંત શા.પી.પી. સ્વામી, શા. ચૈતન્ય સ્વામી, ઉનાવાથી સિધ્ધેશ્વરદાસજી, એપ્રોચ મંદિરથી ધર્મનંદન સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

આ પ્રસંગમાં ખાસ પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા.

પ્રસંગના મુખ્ય યજમાનો પ.ભ. પરસોતમભાઈ ટી. પટેલ, ઘનશ્યામભાઈ જી. પટેલ (વિહારવાળા) આદિ યજમાનોએ સંતો સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજનો ફળોના વિવિધ રસથી અભિષેક કર્યો હતો. સંતોની પ્રેરક વાણીબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં આ વિસ્તારમાં એક સુંદર હરિ મંદિરના શુભ સંકલ્પ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો દિવ્ય વઘાર કરવામાં આવ્યો હતો.

(ગોરધનભાઈ સીતાપરા)

**નારણઘાટ મંદિર શ્રી ઘનશ્યામ મહોત્સવના ઉપલક્ષમાં ઘાટલોડિયા મંદિરમાં ૧૫૧ મિનિટની ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી નારણઘાટ શ્રીસ્વામિનારાયણ મંદિરનો ૨૦ મો પાટોત્સવ એવમ્ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ (તા. ૨૪-૨-૧૬ થી તા. ૨૮-૨-૧૬) ના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા ખાતે ૧૫૧ મિનિટની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન ત્યારબાદ નારણઘાટ મંદિરના સંતો શા. દિવ્યપ્રકાશદાસજી, શા. સ્વા. વિશ્વસ્વરૂપદાસજી આદિ સંતોએ કથા વાર્તા કરી સુંદર લાભ આપ્યો હતો. સંતોએ ઉત્સવની રૂપરેખા સમજાવી હતી.

(શ્રી.ન.ના.દેવ યુવક મંડળ -ઘાટલોડિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આખો ધનુર્માસ દરમ્યાન આપણા ઈષ્ટદેવને ભણતા, શાસ્ત્રનો અભ્યાસ કરતા નવીન અલૌકિક વાઘામાં અલૌકિક દર્શન સંતો કરાવતા હતા. આખો માસ મહામંત્ર ધૂન સંત-હરિભક્તોએ કરી હતી. (મહંત સ્વા. ધર્મપ્રવર્તકદાસ પેથાપુર)

**બાલવા ગામે શ્રીરામ ચરિત માનસ જ્ઞાનયજ્ઞ એવમ્ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના રાજીપા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવાના ૧૧ માં વાર્ષિક જ્ઞાનયજ્ઞના

ઉપલક્ષમાં શ્રીરામ ચરિત માનસ સપ્તાહ પારાયણ તા. ૪-૧-૧૬ થી તા. ૧૦-૧-૧૬ દરમ્યાન બ્ર.સ્વા. પૂર્ણાનંદજી (જ્યોતિષાચાર્ય જેતલપુરધામ) એ સંગીતના તાલે સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. કથાના યજમાન પદે ગં.સ્વ. શાંતાબેન અમૃતભાઈ ચૌધરી પરિવારે લાભ લીધો હતો. અન્નકૂટના યજમાન દિલીપભાઈ તથા વિનોદભાઈ માધજીભાઈ ચૌધરી પરિવાર રહ્યાં હતા. પૂર્ણાહુતિના દિને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા અને સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને દિવ્ય શાકોત્સવનો વઘાર કરી સૌને અલૌકિક દર્શન આપ્યા હતા.

આ પ્રસંગે સ.ગુ.સ્વા. જગતપ્રકાશદાસજી સ્વા. વિષ્ણુપ્રસાદદાસજી (આદિવાડા) આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં **વર્તમાન સુધારી લેવો** તેવી સુંદર વાત કરી હતી. આ જ્ઞાનયજ્ઞમાં અમદાવાદ, જેતલપુર, મહેસાણા, બાપુનગર, ગાંધીનગર (સે-૨) સિધ્ધપુર, વાલી, હિંમતનગર, પ્રાંતિજ આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા.

સમગ્ર પ્રસંગમાં જેતલપુરધામના મહંતશ્રી કે.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા કરી હતી. સભા સંચાલન મહંત બ્ર.સ્વા. પવિત્રાનંદજી (ધરિયાવદ)એ શોભાવ્યું હતું.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ પ્રમુખશ્રી બાલવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી) શ્રીઘનશ્યામ ત્રિદશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં થયેલ કાર્યક્રમ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી અને પૂજ્ય સંતોની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી) આખો ધનુર્માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. ઉત્તરાયણના દિવસે ઠાકોરજીને ૫૬ ભોગ અન્નકૂટ ધરાવવામાં આવેલ. જેના યજમાન ચૌધરી જોઈતાબા લવજીભાઈના સ્મરણાર્થે હ. મેનાબેન ગોપાળભાઈ ચૌધરીએ લાભ લીધો હતો. સં. ૨૦૭૩ ચૈત્ર સુદ-૯ ના રોજ અત્રે મંદિરનો ત્રિદશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. જેના ઉપલક્ષમાં સવા કરોડ મહામંત્ર લેખન સવા વર્ષે પુરા થશે. (સમસ્ત સત્સંગ સમાજ વતી ચૌધરી ડાહ્યાભાઈ શંભુભાઈ માણેકપુર)

**હિંમતનગર મંદિરમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૩-૧-૨૦૧૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગરમાં નૂતન મંદિરના પરિસરમાં ભવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં હિંમતનગર તાબાના દરેક ગામના હરિભક્તોએ શાકોત્સવ અને કથાવાર્તાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજન શા. પ્રેમપ્રકાશદાસજીએ કર્યું હતું. (રમેશભાઈ બી. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા હિંમતનગર મંદિરના મહંત શા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૫-૧-૧૬ ના રોજ અત્રે ઈલોલ મંદિરમાં બિરાજમાન દેવોના ૨૩ વર્ષ પૂર્ણ થતા ભવ્ય પાટોત્સવ ઉજવાયો. આ પ્રસંગ સિધ્ધપુર, વડનગર, પ્રાંતિજ અને સાપાવાડા આદિ ધામોના સંતોએ પધારી અમૃતવાણીનો લાભ આપેલ. સમગ્ર આયોજન હિંમતનગર મંદિરના મહંત શા. પ્રેમપ્રકાશ સ્વામી અને ઈલોલ મંદિરના કોઠારી કિરીટભાઈ પટેલે કર્યું હતું. (રમેશભાઈ બી. પટેલ)

**મોટા ઈશનપુર (દહેગામ) ખાતે ભવ્ય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ પૂ. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી મોટા ઈશનપુર શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત કીર્તન ભક્તિમય સત્સંગ સભા તા. ૧૧-૧-૧૬ને રવિવારની રાત્રે થઈ હતી.

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ આયોજીત શ્રીઘનશ્યામ મહોત્સવના ઉપલક્ષમાં થનાર ૨૦ સત્સંગ સભા પૈકી અત્રે સુંદર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના તથા બહાર ગામના ભક્તોએ સુંદર લાભ લીધો હતો.

આ સભામાં સંતોમાં શા. ચૈતન્ય સ્વામી, શા. કૂંજ સ્વામી, હરિજીવન સ્વામી, બળદેવ સ્વામી, પરમહંસ સ્વામી આદિ સંત મંડળે કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સભા પૂર્ણ થયા બાદ ઠાકોરજીની આરતીના દર્શન કરી સૌએ પ્રસાદ લીધો હતો.

(સરપંચશ્રી, કોઠારી, મોટા ઈશનપુર)

**વડનગર મંદિરમાં પવિત્ર ધનુર્માસ અને શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો**

ઐતિહાસિક નગરી વડનગર જયાં ભગવાન શ્રીસ્વામિનારાયણે અઢી માસ સુધી રોકાઈને ચાતુર્માસના વ્રતવિધિનો ઉપદેશ આપી બ્રહ્મભોજન કરાવ્યા છે તેવી પાવન નગરીમાં શ્રી નરનારાયણદેવની ગાદીના તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી મહંત શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીની પ્રેરણા અને કોઠારી શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ પવિત્ર ધનુર્માસ

દરમ્યાન દરરોજ સવારે ૫-૩૦ કલાકે મંગળા આરતી દર્શનબાદ મંગલ પ્રભાતફેરી નીકળતી જેમાં અઢીસોથી ત્રણસો જેટલા હરિભક્તોને સાથે લઈ મહંત સ્વામી અલગ અલગ વિસ્તારોમાં વાજિંત્રો સાથે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન સાથે વિચરણ કરી મંદિરમાં ૬-૩૦ કલાકે પ્રભાતફેરી લઈ પરત આવતા. ત્યારબાદ ૬-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધી મંદિરમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન થતી અને ૭-૦૦ થી ૭-૧૫ સુધી 'વચનામૃતની કથા થતી. પ્રભાતફેરીમાં અલગ અલગ વિસ્તારમાં હરિભક્તો પુસ્તકો, પેનો, માળા, ગૌમુખી, તાંબાના લોટા, તલના લાડુ, ગોળ, વિગેરે વિતરણ કરી સેવાનો લાભ લેતા. ધનુર્માસમાં શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજી તથા પૂજારી ધર્મવિહારીદાસજી શ્રી ઘનશ્યામ મહારાજને અવનવા શણગાર કરી હરિભક્તોને નિત્ય નવા દર્શનનો લાભ આપતા.

તેમજ તા. ૨૪-૧-૧૬ ને રવિવારે વડનગર શ્રી સહજાનંદ ગુરુકુળ ખાતે ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. જેમાં માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જ્યેષ્ઠ બંધુ ભાઈશ્રી સોમાભાઈ મોદી, નગરપાલિકાના પ્રમુખ શ્રી સુનિલભાઈ મહેતા, ડૉ. ભરતભાઈ પટેલ, મોદી રાજુભાઈ એસ. આદિ હરિભક્તોનું મંદિરના મહંત સ્વામી અને ટ્રસ્ટી મંડળે સ્વાગત કર્યું હતું. આ શાકોત્સવમાં ૧૫૦૦ હરિભક્તોએ પ્રસાદ લીધો હતો.

આ શાકોત્સવ પ્રસંગે શ્રી સોમાભાઈ ડી. મોદી અને મંદિરના ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર એમ. મોદીએ પ્રાસંગિક પ્રવચન દ્વારા સત્સંગ પ્રગતિ અને મનુષ્ય જીવનમાં સેવાનું મહત્વ સમજાવ્યું હતું. આ શાકોત્સવમાં પ.ભ. કાલીદાસ પટેલ, પ.ભ. હસમુખભાઈ ભાવસાર, પ.ભ. ગુણવંતલાલ ભાવસાર, પ.ભ. બુધાલાલ પટેલ તથા ટ્રસ્ટી મંડળે સારી સેવા આપી હતી. સભાનું સંચાલન કોઠારી શા.વિશ્વપ્રકાશદાસજીએ કર્યું હતું. (પૂજારી ધર્મવિહારીદાસજી - વડનગર)

**વાવોલ ગામે શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ગાંધીનગર સે-૨ મંદિરના મહંતશ્રી પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા ગ્રામજનોના આર્થિક અને દૈહિક સેવાના સમન્વયથી તા. ૯-૧-૧૬ ના સવારે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શાકોત્સવનું સુંદર આયોજન થયું હતું.

હરિભક્તો મોટી સંખ્યામાં કથાવાર્તા સાથે પ્રસાદનો લાભ લીધો હતો.

સભામાં શા. કૂંજ સ્વામી આદિ સંતોએ સુંદર લાભ આપ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (શા. ચૈતન્ય સ્વામી - ગાંધીનગર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા ખાતે સપ્તાહ પારાયણ એવમ્ શાકોત્સવ**

શ્રીજી મહારાજના પ્રસાદીભૂત મોટેરા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર)ની પ્રેરણાથી તા. ૨૭-૧૨-૧૫ થી ૩-૧-૧૬ પર્યન્ત શ્રી ધીરજાખ્યાન શાસ્ત્રની સપ્તાહ પારાયણ તથા ભવ્ય શાકોત્સવ ધામધૂમથી સંપન્ન થયા. છેલ્લા દશ વર્ષથી ધનુર્માસમાં કથા એવમ્ શાકોત્સવનું સુંદર આયોજન થાય છે.

આ વરસે પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈ મુખી પરિવાર હ. રોહિતભાઈના, યજમાન પદે સુંદર આયોજન થયું હતું. કથાના વક્તાપદે શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) એ શ્રોતાઓને કથા રસમાં તરબોળ કરી દીધા હતા.

આ પ્રસંગે યજમાન પરિવારના નિવાસ સ્થાને પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી એવમ્ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સંત મંડળ સાથે પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સંતોમાં સ.ગુ. મહંત સ્વા. દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંત મંડળે પધારી અમૃતવાણીનો લાભ આપેલ. પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળોથી શાકોત્સવ અલૌકિક બન્યો હતો.

અંદાજે ૯૦૦૦ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સભા સંચાલન શા. કૂંજવિહારી સ્વામીએ કર્યું હતું. સમગ્ર પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (કોઠારીશ્રી-મોટેરા)

**મુબારકપુરા ગામે ૧૨ કલાકની મહામંત્ર ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સંતોના માર્ગદર્શનથી મુબારકપુરા ગામે તા. ૧૪-૧-૧૬ ને ઉત્તરાયણના પવિત્ર દિવસે ધનુર્માસની પૂર્ણાહુતિ પ્રસંગે ૧૨ કલાકની મહામંત્ર ધૂન સવારના ૬-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મંદિરના મહંતશ્રી પી.પી. સ્વામી અને શા. ચૈતન્ય સ્વામીએ સભામાં ઉત્તરાયણ અને સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાવી ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારી સૌએ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(ગોરધનભાઈ પટેલ મુબારકપુરા)

**ધરમપુર (ગાંધીનગર) ગામે શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર ખાતે તા. ૯-૧-૧૬ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

સભામાં કીર્તન ભક્તિ અને સંતો દ્વારા કથાવાર્તાનો સુંદર સમન્વય થયો હતો.

સંતોમાં શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) શા. સિધ્ધેશ્વરદાસજી (ઉનાવા) અને હરિપ્રકાશ સ્વામીએ શ્રીહરિની શુધ્ધ ઉપાસના અને સર્વોપરીપણાની વાતો કરી હતી. અનેક ભક્તોએ સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા.

યુવાનો અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (કોઠારીશ્રી ધરમપુર)

**આણંદપુરા (કડી) માં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા શા.સિધ્ધેશ્વરદાસજીની પ્રેરણાથી આણંદપુરા ગામે તા. ૧૩-૧-૧૬ ના રોજ સુંદર શાકોત્સવ ઉજવાયો.

સમગ્ર પ્રસંગમાં યુવાનો અને મહિલા મંડળની બહેનોએ સુંદર સેવા કરીને લાભ લીધો હતો.

આ પ્રસંગે મહંત શ્રી પી.પી. સ્વામી (ગાંધીનગર), શા. ચૈતન્ય સ્વામી, પરમહંસ સ્વામી અને ઘનશ્યામ સ્વામી (કલ્યાણપુરા) એ કથાવાર્તા કરી શાકોત્સવનો સુંદર મહિમા સમજાવ્યો હતો. હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી, આણંદપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અલૌકિક સાનિધ્યમાં તથા અત્રેના મહંત શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી અને સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેકટર-૨ શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ તા. ૧૦-૧-૧૬ ને રવિવારના સાંજે ૫-૦૦ કલાકે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

જેના મુખ્ય યજમાનપદે પ.ભ. ઘનશ્યામભાઈ રામભાઈ પટેલ (તેજપુરાવાળા) હ. રાજ ગાંધીનગરના પરિવારજનોએ સુંદર લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવનો વઘાર થયો હતો.

આ પ્રસંગે સંતોમાં સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંત-મંડળે અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

૪૮ ગામના ૮૦૦૦ ભક્તોએ દર્શન કરી, કથાનું પાન કરી શાકોત્સવ માણ્યો હતો. સમગ્ર પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રસંશનીય હતી. સભા સંચાલન શા. ચૈતન્ય સ્વામીએ સંભાળ્યું હતું.

(ઘનશ્યામભાઈ ભંડેરી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા પૂ. મહંત સ્વા. દેવપ્રકાશદાસજી તથા પૂ. મહંત શા.પી.પી. સ્વામી તથા કોઠારી જે.કે. સ્વામી આદિ સંત મંડળની પ્રેરણા માર્ગદર્શનથી તથા દહેગામના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૧૬-૧-૧૬ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રસંગના પ્રારંભમાં યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિ અને ત્યારબાદ શા.વિશ્વવિહારી સ્વામી, શા. છપૈયાપ્રસાદ સ્વામી, શા.કૂંજ સ્વામી અને શ્રીજી સ્વામી આદિ સંતોએ કથાવાર્તા કરી હતી. વડીલ સંતોના હસ્તે અલૌકિક શાકનો વઘાર થયો હતો. ગામ અને આજુબાજુના ગામના વિશાળ સંખ્યામાં ભક્તોએ શાકોત્સવને માણી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર પ્રસંગમાં કોઠારી હર્ષદભાઈ, યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સભા સંચાલન શા. ચૈતન્ય સ્વામી (ગાંધીનગર)એ સંભાળ્યું હતું.

(પ્રમુખશ્રી, યુવક મંડળ દહેગામ)

**શ્રી સ્વામિનારાયણ અંક ન મળવા અંગે**

શ્રી સ્વામિનારાયણ માસિક છેલ્લા ઘણા વરસોથી દર માસની ૧૧ તારીખે નિયમિત અને વ્યવસ્થિત સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. સ્વયં જાતે પોસ્ટમાં સોર્ટિંગ કરવામાં આવે છે. છતાં કોઈને અંક ન મળે તો તે પોસ્ટ વિભાગની ફરિયાદ છે. પરંતુ આપને ૨૦ તારીખ સુધીમાં અંક ન મળે તો પ્રથમ સ્થાનિક પોસ્ટમાં ફરિયાદ કરીને અત્રે કાર્યાલયમાં જાણ કરવી. જો સ્ટોકમાં કોપી હશે તો ફરીવાર આપને મોકલવામાં આવશે. (સંચાલકશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પંચવટી કલોલ શાકોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રીજી મહારાજની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી કલોલ પંચવટી નિર્માણાધિન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણ કર્તા સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી પી.પી સ્વામી (જેતલપુરધામ)ની પ્રેરણાથી મહંત સ્વા. વિશ્વપ્રકાશદાસજી (કલોલ-અંજલી)ના માર્ગદર્શન મુજબ દર વર્ષની જેમ આ વરસે પણ સુંદર શાકોત્સવ તા. ૧૨-૧-૧૬ ના રોજ ભવ્યતાથી ઉજવાયો.

